
ગોરક્ષા સંબંધી અરજી.

ગોરક્ષાપ્રબંધનું

પ્રકરણ ૧૦.

બનાવનાર.

ચોટીલાના રહેવાસી ઠાકર ઘેલારામ નથુરામ.



અમદાવાદ—આર્યોદય પ્રેસ.

સં. ૧૯૫૨ —— સન ૧૮૯૬.

ગોરક્ષા સંબંધી અરજી.

ગોરક્ષાપ્રબંધનું

પ્રકરણ ૧૦.


બનાવનાર,

ચોટીલાના રહેનાર ઠાકર ઘેલારામ નથુરામ.

છપાવનાર,

મુંગાપ્રાણીપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી

મંડળી—મોરબી.



દોહરો.

નાટક ફાટકને રચી, વખત ન કાઢ સુજાણ;

દેશ ઉદ્ધારણ કારણે, આણ્ય ઉર અભિમાન.

પ્રથમ આવૃત્તિ

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

સં. [illegible]—સંવત ૧૮[illegible]

श्लोक.

विना गोरसं कोरसो भोजनानां,
विना गोरसं कोरसो पंडितानां,
विना गोरसं कोरसो भूपतिनां,
विना गोरसं कोरसो कामिनीनां,

પ્રસ્તાવના.

૧ આપણે આર્યલોક છૈયે, અને એક ભૂમિના નિવાસી છૈયે. જેમ માતાના એક ઉદરમાંથી ઉત્પન્ન થયેલા ભાંડુ હોયછે, તેમ એક પૃથ્વીમાં નીપજેલા, એક પૃથ્વીમાં વસનારા, ને એક વેદધર્મને માનનારા ભાંડુ છૈયે એમ જાણો. પણ ઘણો જથો થવાથી ને એક રાગ નહીં ચાલવાથી સહુએ નજીક નજીકના પોતપોતાને અનુકળ પડતા વાડા બાંધ્યા, પણ જે આપણો અસલ ધર્મ છે તે કોઇએ તજવો જોઇતો નથી.

૨ ગાયનું પાળણ, પોષણ, પૂજા ને સંરક્ષણ કરવું તે અનાદિ કાળનો આપણો મુખ્ય ધર્મ છે. પણ તે અભિમાન આર્ય દેશના તમામ રાજા પ્રજાના દિલમાંથી છૂટતું જાયછે એ મોટા ખેદની વાત છે. માટે આવો વિપ્રિત કાળ આવ્યો તેનું દરેક દેશાભિમાની નરોએ મનન કરવું જોઇએ.

૩ આ વિષે વિચાર કરતાં એમ જણાય છે કે મુસલમાની પાદશાહી વખતથી આર્ય લોકની દુર્દશા બેઠી, તેથી તેવા બારીક દુખના વખતમાં આપણે આપણું ભણવું ભણાવવું તજી બેઠા, જે મુખે સંસ્કૃત દેવવાણી બોલતા હતા તે મુખે ફારસી અને યવનની વાણી બોલવા લાગ્યા. યવનની વાણી બોલવા લાગ્યા તેતો ઠીક विषादप्यंमृतंग्राह्यं વિગેરે ન્યાયસુત્રને આધારે ભાષાનો ખેદતો કદી મૂકયો હોય પરંતુ પોતાનો સનાતન ધર્મ શામાટે મૂકવો જોઇએ. પણ તે વખતના આર્ય લોકોનો વાંક નથી. ગાયોના બચાવ માટે ને પોતાના ધર્મ માટે આપણા વડવાઓએ પાદશાહી સામું નહિ અંજાતાં વખતોવખત ઝગડા કરી પોતાના અમુલ્ય પ્રાણ અર્પણ કરેલા છે અને તે સાથે વંશજોની, ગરાસોની, વિદ્યાની ને હુન્નરકળાની મોટી દુર્દશા થઇ છે, તોપણ તેની દરકાર નહિ કરતાં તેમણે ધર્મનો જુસ્સો મૂકયો નથી પણ છેવટ "ધર્મ કર્મે કષ્ટથી ભૃષ્ટ થયા."

૪ વચમાં થોડોક કાળ અવ્યવસ્થિત પણે ચાલ્યા પછી હાલ સુધરેલો પવન વાવા લાગ્યો છે તેમાં પણ આપણે આપણા ધર્મ કર્મ ને અભ્યાસથી દુર રહ્યા. જે યવનો પોતાના વખતમાં આર્ય લોકને બળાત્કારે ભૃષ્ટ કરતા તે હાલ સુધરેલા પવનની અસરથી અજ્ઞાનતાથી અને

કુતર્કોથી પોતાની મેળે ધર્મ કર્મથી દુર રહેતા લાગ્યા અને તેથી જ્યારે અજ્ઞાનતા નડી.

૫ આગળ ગાયોને પૂજ્યબુદ્ધિથી દેવજાતિમાં ગણતા તે નિરમળ બુદ્ધિ ફરી ગઇ ને ગાય પણ બીજા પશુ જેવૂ પશુ છે આમ અજ્ઞાનતા ઉત્પન્ન થઇ. શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે ગાયને દેવજાતિમાં ગણવામાં આવેલ છે. श्लोक ॥ गंगानतोयंपशवोनगाव: तिलानधान्यंकनकंनधातु: विप्रानरेंद्रानहितेमनुश्या, मणिनशालग्रामहितेनदेवः॥१॥ પણ આજ શાસ્ત્રને કોણ માને છે. પોતે કુતર્કથી બોલે તે સાચું આવો હાર હાર પવન ફેલાવાથી આપણા ખરાસનાતન ધર્મને મોટો ધક્કો પહોંચ્યો છે, અને તેથી દિનપ્રતિદિન ગાયોનો ઘટારો થતો ચાલ્યો એ આપણી ભોળી ભક્તિનો પ્રતાપ છે. ને ગાયોના ઘટારાને લીધે આપણામાંથી બળ, બુદ્ધિ, પરાક્રમ, વિર્ય વિગેરે દેશાભિમાનાદિક જે જે ઉત્તમ ગુણો હતા તે સર્વ ગાયોની સાથે કુચ કરી ગયા. કારણ કે એ બધા ગુણ ગાયમાતાના પરાક્રમી દુધમાંજ રહ્યા છે ને તે દૂધનો આપણે વિયોગ થયો.

૬ જેના ઉપર આખા દેશનો આધાર છે તેજ જ્યારે જાય ત્યારે આખા દેશને હાની પહોંચે તે સ્વાભાવિક છે, અને આખા દેશની જેમાં હાની સમાયલી છે તેવા કાર્યો દેશમાં થતા અટકાવવાને દરેક મનુષ્ય હકદાર છે અને આ કાયદો સૃષ્ટિ નંડાણથી તે આજ પર્યંત ચાલુ જોવામાં આવતો. પરંતુ ગાય જેવા દેશઉપયોગી પ્રાણીનો ચારે બાજુથી વધ થવા માંડયો છે તેથી તે કાયદો ફરી ગયો જણાય છે આવા આવા દેશોપયોગી કારણોથી આગળના દરેક દેશાભિમાની માણસો ઝુઝતા અને ગાય વિગેરેના બચાવના વખતે પોતાનો પ્રાણ પણ આપવાને તૈયાર થતા અને તેને રાજા પ્રજા સર્વે સહાય કરતા. આજ કોઇ આગળ ચાલે છે તો તેની પોતાના દેશીઓ ને સ્વધર્મીઓ ઉઠી મશ્કરી કરે છે ત્યાં બીજાની શી વાત કરવી. આવા આવા કારણોથી કોઇ સહાય કરતું નથી, એટલો દેશાભિમાનનો જુસ્સો આર્યસ્થાનમાંથી નરમ પડયો તેનું કારણ કે આપણને ગાયમાતાના દૂધનો વિયોગ થયો છે અને સ્વધર્મથી અજ્ઞાન રહ્યા તે છે.

૭ ગાયમાતાના પુરજોસમાં આપણો દેશ આબાદ હતો તે વખતે દૂધોની છોળો બહુ ઉડતી હતી. દરેક મનુષ્ય પૂરા બળવાન, અકલવાન, [illegible]વાન, પરાક્રમી ને દેશાભિમાની હતા. માટે ફરી જો આપણા

દેશનો ઉદય કરવો હોય તો દેશમાંના દરેક રાજા પ્રજાએ દેશાભિમાની બનીને આગળના જેવી કાળજી રાખવી. પોતાના દેશનું કલ્યાણ વાંચ્છી પોતાની શક્તિ પ્રમાણે ગાયના સંરક્ષણમાં તન, મન ને ધન યથાશક્તિ વાપરીને દેશનો ઉધાર કરવો જોઇએ. કારણ કે, ગાયો દેશમાં આબાદ, બળવાન ને પુષ્ટ થવાથી પાછો આપણો દેશ બળવાન ને ગુણવાન થવાને કાંઇપણ દેર લાગવાની નથી.

૮ આ પુસ્તક રચવાનો વિચાર કરતાં મેં પ્રથમ ગોવધ બંધ પાડવાને માટે મુદ્દા ઘડયા, અને તે દરેક મુદ્દાપર એક એક પ્રકરણ લખવા વિચાર્યું ને તમામ રચના મનમાં ગોઠવતાં છેવટનો મુદ્દો મુને એ માલમ પડયો કે આપણી માયાળુ માહારાણી વિકટોરીયા સરકારને અરજી કરીને માગણી કર્યા સિવાય આપણા ધર્મને ધક્કો લાગતો અટકશે નહિ ને તે વિના બીજો રસ્તો સૂજ્યો નહીં. જ્યારે પ્રથમ પહેલાં આ ગોવધ અટકાવવાની ચર્ચા સ્વામી દયાનંદસરસ્વતિએ ઉઠાવી ત્યારે તેમણે પણ છેવટ ગોવધ અટકાવવાની અરજી આપવા ઠરાવ્યું હતું ને મુને પણ છેવટ એજ રસ્તો સૂજ્યો; તેથી છેવટ ૯ પ્રકરણની સાથે આ દશમું પ્રકરણ અરજી રૂપે ઘડી ૧૦ પ્રકરણ પૂરાં કર્યાં.

૯ તે અરજીની અંદર મેં ત્રણજ મુદ્દા પકડયા છે. તેના પહેલા મુદ્દામાં ધર્મહાની, બીજા મુદ્દામાં દેશ નુકશાન ને ત્રીજા મુદ્દામાં કાયદાનો દેશરીવાજનો ને પ્રાચીન પદ્ધતિનો ભંગ થાયછે, એમ વિવેચન યથાબુદ્ધિ કર્યું છે. તે સર્વોપરી છે એવો હું ફાંકો રાખતો નથી પણ કોઇ સારા અનુભવી વિદ્વાને ઘડી હોત તો આ કરતાં હજારગણી સરસ અરજી થાત.

૧૦ આ અરજીમાં મેં મારો અનુભવ ઉતાર્યો છે, પણ કોઇનું લખાણ કે કોઇની વાત મેં લીધી નથી. કદિ અનાયાસે કોઇનો તર્ક આવ્યો હોય તો તે મેં શુદ્ધબુદ્ધિથી લીધો નથી એમ જાણી મારો થયેલો અપરાધ માફ કરશો.

૧૧ આ વિષય ધર્માભિમાની તેમ દેશાભિમાનીઓને લગતો છે. તેવોજ ઉત્તમ છે ને જેટલો લંબાવીએ તેટલો લંબાવાય તેવો છે. પણ કેટલીક અડચણોને લીધે લંબાવી શકયો નથી તેથી જે જે પ્રકરણો કર્યાં છે તે તે બધાં ટુંકામાંજ લખ્યાં છે ને ખરા મુદ્દા ઉપરજ મેં વાતોને પકડી છે. પહેલા પ્રકરણ કરતાં બીજું સારૂં, બીજા કરતાં ત્રીજું સારૂં, ને ત્રીજા કરતાં ચોથું સારૂં. આમ જીજ્ઞાસા વાંચનારની વધતી જાય છે પણ કોઇને કંટા-

જો આવતો નથી મતલબ કે નકામી કુથલી કરી વધારી મૂક્યું નથી. તે દશ પ્રકરણમાં નીચે પ્રમાણે વિવેચન કર્યું છે.

૧ પહેલા પ્રકરણમાં પૂર્વ કાળનો ગોમહિમા વર્ણવ્યો છે.

૨ બીજા પ્ર૦ માં ગાયોએ પરચા બતાવ્યા તે વર્ણવ્યું છે.

૩ ત્રીજા પ્ર૦ માં રાજા પ્રજાએ ગાયો વિષે અભિમાન આણવા બાબત.

૪ ચોથા પ્ર૦ માં ગાયો વિના દેશનુકશાન બતાવ્યું છે.

૫ પાંચમા પ્ર૦ માં ઢોરની હાલના વખતની દુર્દશા વર્ણવી છે.

૬ છઠ્ઠા પ્ર૦ માં માંસની નિષેધતા બતાવી છે.

૭ સાતમા પ્ર૦ માં દેશ નિર્ધન થયો તેની સાબિતીઓ છે.

૮ આઠમા પ્ર૦ માં ગોરક્ષાના ઉપાય બતાવ્યા છે.

૯ નવમા પ્ર૦ માં દેશના આચાર્યો, રાજાઓ ને આગેવાન મહા પુરૂષો થવાને સૂચના કર્યા બાબત છે.

૧૦ દશમા પ્ર૦ માં મહારાણી સરકારને અરજી ઘડી છે.

૧૧ એ રીતે દશ પ્રકરણ પૂરા કરી "ગોરક્ષા પ્રબંધ" એવુ નામ રાખ્યું છે.

૧૨ હાલ અંગ્રેજ સરકારના પ્રતાપે અમો પ્રજાની નિદ્રામાંથી જાગૃતિ થઇ છે. આ જાગૃતિ પહેલાં અમો ભરનિંદ્રામાં હતા તેથી અમારી અમારા દેશની ને અમારા ધર્મની કેમ પડતી આવી તે વિષે કેવળ અજ્ઞાન હતા. પણ થોડાક વર્ષ પહેલાં અમો આર્યના એક આચાર્ય સ્વામી [1]દયાનંદ નામે થયા તેમણે પ્રથમ મુંબઇ આવી અમો ભરનિંદ્રામાં ઘેરાયા હતા તેને ચાબક મારી જાગતા કર્યા ને કહ્યું કે અંધારી કાળ રાત્રીનો વખત વ્યતિત થયો છે ને નિરમળ સૂર્ય ઉગ્યો છે તેમ છતાં તમો ઘોર નિંદ્રામાં કેમ છો.

૧૩ એ વિગેરે બોધ કરી અમને સમજાવ્યા કે હાલ અંગ્રેજ સરકારનું ઉત્તમ રાજ્ય છે તેમાં તમારે ને તમારા દેશને સારી સ્થીતિમાં આવવાનો ઉત્તમ અવસર છે તમો ઉતમ વંશના આર્ય, રાજા છો અને પ્રજાના વખતમાં, ને વળી તેમની સમક્ષ આર્યસ્થાનમાંજ ગોવધ થાય છે એ તમોને કાંઇ પાપનો પ્રભાવ નડયો છે અને એથી તમોને તથા તમારા દેશને મોટામાં મોટું નુકશાન છે. તો આ ઉત્તમ અવસરમાં બીજા સુ-

---

૧ ડાર્મીકુ પુ. ૧ આંક ૩ પૃષ્ટ ૩૫ મું જુવો.

ધારા કરવા કરતાં પેહેલો સુધારો એ કરવાનો છે કે દેશમાંથી ગોવધ ઠામુકો બંધ થાય, એમ કહી મોટું ભાષણ કરી તેજ વખતે આખા દેશનો અડસટો કાઢી હિસાબ બતાવી આપ્યો કે જુવો ગોવધથી દેશને કેટલું નુકશાન છે, ગોવધથી આપણા આર્ય લોકને કેટલી ધર્મહાની છે, ને ગોવધથી દેશની સમૃધિ કેવી સંતાઇ ગઇ ને દેશની પાયમાલી થઇ. તેમ છતાં દેશની જાગૃતિ થતી નથી આ થોડા ખેદની વાત નથી. આ પ્રકારનું ભાષણ કર્યું ત્યારે ભાષણ સાંભળનાર તમામ આર્ય લોકના કાન ચમકયા ને ખાત્રી થઇ કે આ વાત ખરેખરી નુકશાનકારક છે. તેથી સર્વેએ મળી પેહેલી મુંબાઇમાં ને પછી સર્વ સ્થળે ઠાર ઠાર દેશમાં ગોરક્ષક મંડળીઓ ઉભી કરી અને ઘેર ઘેર આ વાત ચરચાવા લાગી ને દેશીઓની જાગૃતિ થઇ.

૧૪ આ કારણથી ઘણા દેશાભિમાનીઓએ પોતપોતાના ભાગમાંથી નામદાર સરકારને ગોવધ અટકાવવાની અરજીઓ કરી હશે ને બીજા કરે તો તે અયોગ્ય કર્યું છે એમ કદિ કહેવાય નહીં કારણ કે દેશ દાઝ વિશેષ હોય તો ઘણા લોકોનો પોકાર પોતાના ધર્મબચાવને માટે સરકારને કાને નાખવોજ જોઇએ. ને તેઓ સૌ સૌની બુદ્ધિચાતુર્યને જ્ઞાન પ્રમાણે પોતાના ધર્મની ને દેશની દાઝ જણાવે તેથી સત્ય અસત્યનો શોધ કરી નિષ્પક્ષપાતે ન્યાય આપવો એ સરકારનું કામ છે. માટે અમારી, અમારા દેશની, ને અમારા ધર્મની દાઝ સરકારને ગળે ઉતરે તેથી સરકાર અમારા ધર્મનો બચાવ કરે ને દેશની સારી સ્થીતિ થાય એજ આ ટુંકી અરજીની મતલબ છે તે સરકારના દીલમાં ઇશ્વર પ્રેરણા કરે.

તથાસ્તુ.

ગોવધ અટકાવવા મહારાણી સરકારને

૬૪૭૬

અરજી.

---

૧ શ્રી સરકાર મલીકામાયાઝમા વિકટોરીયા કૈસરેહિંદ આર્યદેશની જનુની ચક્રવર્તિ રાણીસાહેબની ખાસ પવિત્ર સેવામાં.

૨ અમો નીચે સહી કરનાર આપના કાનુનોને સીરતાજ ગણનાર તથા અનુસરીને ચાલનાર આર્ય દેશના તમામ રાજા તથા પ્રજા ઘણા મા-નથી આપને કુરનસ બજાવી અદબથી અરજ ગુજારીએ છૈયે કે આપને ચક્રવર્તિપણું આપી અમારા ઉપર આપને સ્વતંત્ર રાજ્યકર્તા નીમ્યા એ અમારા ઉપર ઇશ્વરનો ઉપકાર કાંઇ થોડો નથી. કારણ કે પરરાજ્યની જુલમી ઘોંસરીએ જોડાઇ માર ખાઇખાઇને અમારી જ્ઞાનેંદ્રિઓ બેર મા-રી જવાથી આ દુનિયામાં સુખ છે એવું અમે જાણતા નહિ. તેથી કેટ-લીક અજ્ઞાનતાથી, કેટલીક પરરાજ્યની રૂઢી દેખાદેખીથી, કેટલીક જુલ-મથી ને કેટલીક તે સમયને અનુકૂળ પડતી રીતો તથા ધર્મને માટે છાની તથા અણસમજની રીતો અને જુલમી રીતો અમારામાં દાખલ થઇ હતી પણ તેવી અણસમજની રીતો આપે ન કાઢી હત તો તે કયારે નીકળત તે અમારાથી કલ્પી શકાતુ નથી.

૩ તેવા મહા જુલમ અમારા ઉપરના નાબુદ કીધા. જેવા કે, ૧ સતી થઇ બળી મરતી, ૨ કાશીનું કરવત, ૩ જાડેજાની દીકરીઓને દૂધપાતી કરવાનો રીવાજ, ૪ ભેરવજવ ખાવો, ૫ હથીયારબંધ આવી બાબીઓના ટોળા જુલમ કરતા, ૬ ઘણાં છાના ખૂનો થતા, ૭ આપ-ઘાતો થતી, ૮ એકથી બીજે ગામ જવાતુ નહી, ૯ જળપ્રવાહ, ૧૦ સ-મુદ્રવાટે ચોરીયાં વહાણ ચાલતા, ૧૧ બારવટીયા ગામો ને વીડો બાળી મૂકતા, ૧૨ લાખો ગર્ભહત્યાઓ થતી, ૧૩ દેશમાં ઠેકાણે ઠેકાણે ધાડા ગતા, ૧૪ ઠામ ઠામ પરસ્પર ધર્મના ઝઘડા થાતા, ૧૫ ભીખારી લોકો ની લોહી છાંટતા, ૧૬ લાંઘવાની રીતો, ૧૭ ઠગ લોકો ઠાર ઠાર

ફરતા, ૧૮ મનુષ્યની મુમઇ થાતી, ૧૯ મનુષ્યને ગુલામ તરીકે વેચવાનો ધારો, ૨૦ પીંઢારાનો નાશ. એ રીતે અનેક રીતે જુલ્મી રીતો કાઢી નાંખી તે ઉપરાંત પોતાના ખાનગી બચાવમાંથી નવ કરોડ રૂપીયા આપી ગુલામ છોડાવ્યા આ વિગેરે અનેક જુલ્મી રીતો બંધ કીધી. આમાંની કેટલીક જુલ્મી રસ્મો કાઢવાની શરૂઆતે તો અમો અરજદારોને દુઃખ લાગ્યું હતું, પણ તે હવે સુખકર સમજાઇ છે ને તેનો હાલ અમો ઉપકાર માનીયે છૈયે. કારણ કે આપના પ્રતાપે અમારી જ્ઞાનેંદ્રિયો બેર મારી ગઇ હતી તે હવે ઉઘડી છે.

૪ એવી રીતે જુલ્મી રીતો બંધ કરવાથી સંતોષ માનીને આપ શાણીસરકાર બેશી રહી નથી પણ નવા કાયદા, નવા કાનુનો, નવા રીત રીવાજો ને નવા નવા હુન્નરો પ્રગટ કરી હરેક પ્રકારે રૈયતને સુખ મળે એવા સુખના સાધન કરી આપ્યાં છે. જેવા કે ૧ તાર કર્યા ૨ ટપાલ કરી ૩ અગ્નિરથ કર્યા, ૪ નળ કર્યા, ૫ દીવા કર્યા, ૬ શીતળા ખતાં કાઢયા, ૭ આગબોટ કરી, ૮ અનેક પ્રકારે વિદ્યાશાળાઓ કાઢી, ૯ એક બીજા રાજ્યના ઝઘડા બંધ કરાવી તેમના વિચાર એક કરવા માટે વખતોવખત એકઠા કરી મીટીંગો મેળવવા રીવાજ રાખ્યો, ૧૦ તે રાજાઓને ભેગા કરી તેમના ધારા ને પ્રબંધો બહાર પડાવી ન્યાય આપવાની હોંસ બતાવતા કર્યા, ૧૧ દવાશાળાઓ કાઢીને બીજા રાજ્યોમાં કઢાવી, ૧૨ ન્યાયની કોર્ટો સ્થાપી સ્થપાવી ૧૩ ઠારઠાર સડકો બાંધી બંધાવી એ વિગેરે અનેક સુખનાં સાધન કરી દીધાં છે કે જે નથી સાંભળ્યા કે નથી વાંચવામાં આવ્યાં, વળી તેમાં કોઇ પ્રકારની ખામી કાઢવા જેવું નથી. કદિ કોઇ વખતે કાયદામાં રૈયતના સુખમાં હાની રૂપ સમજાય છે તો તે કાયદાનો ભાગ તરત સુધારો છો. આટલી બધી અમો રૈયતપર આપ નામદારની રહેમ દીલ છે અને ન્યાય આપવાની ખંત બતાવો છો તેથી અમો સર્વ આર્યપ્રજા આપના નેક ન્યાયથી આપના ન્યાયછત્ર નીચે રહી કલોલ કરીએ છૈયે ને સુખમાં દિવસ નિર્ગમન કરીયે છૈયે.

૫ પણ એક મોટો જુલમ આર્યસ્થાનના આપના નેક રાજ્યમાં ચાલે છે અને તે મહા જુલમની વાત આપને કાને કોઇએ નાખી હોય એમ જણાતું નથી અને જો તે વાત આપને કાને આવી હોત તો એ મહા જુલમની વાત એકાએક તરત આપ બંધ કર્યા વગર રહે

કારણ કે તે જુલમની અંદર અમારા ધર્મની હાની, દેશનુકશાન ને ઢંઢેરાથી આપેલા વચનોનો ભંગ એ ત્રણે બાબતો સમાયેલી છે.

૬ જ્યાં રૈયતના ધર્મની હાની તે હાની પરસ્પર પ્રથમ પ્રજામાં પ્રસરે છે ને પછી રાજ્યકર્ત્તાને તે હાની ચોટે છે એમ સુધરેલા રાજ્યવેતાઓએ સિદ્ધ કર્યું છે.

જ્યાં આખા દેશને નુકશાન ત્યાં તે નુકશાનનો ચેપ રાજ્યકર્ત્તાને પહોંચે છે પણ એ વાત સિદ્ધ કરવી પડે એમ નથી એ વિગેરે અનેકની વાતોના આપ સમુદ્ર છો તેથી આપને વધારે વીદિત કરી કંટાળો આપી આપનો અમૂલ્ય વખત રોકતા નથી.

૭ પરંતુ તેવા સુધરેલા રાજ્યમાં નહિ જોવાય, નહી સંખાય, કે નહિ સંભળાય એવો જુલમ આપની નેક ઉત્તમ રાજ્યનીતિમાં થાય એ એક નહિ માની શાકાય એવી વાત છે. પણ તે મહા જુલમની વાત આપને કાને આવીજ નથી. એમ સમજી અમો અરજદાર અમારા મનને ધીરજ આપીએ છૈએ ને તે એવી ઉમેદથી કે અમો અરજદાર આ વાત આપને કાને નાખશું કે તે તરત તે વાત બંધ કરી અમો આપની આર્યસ્થાનની પ્રજાપર અમીની વૃષ્ટી વરસાવી આપની રાંક પ્રજાના ધર્મને થતી હાની અટકાવશો.

૮ તે જુલમ અમો અરજદારોપર એ ગુજરે છે કે, આપની આર્યસ્થાનની પ્રજાને તીર્થરૂપ ને ધર્મના સ્તંભ રૂપ જે ગાયો છે તેજ મરે છે પછી બાકી શું રહ્યું. કારણ કે દરેક દેશમાં દરેક મનુષ્યનું જીવતર ધર્મથીજ ગણાય છે. આ વાત સાર્વજનીક છે કે ધર્મ ગયો એટલે મનુષ્યના જીવતરનું સાફલ્ય પણ તેની સાથેજ ગયું. એવો દરેક દેશના દરેક મનુષ્યના મનમાં અંકુર હોય છે, તેમાટે ધર્મની ચડસાચડસી આપ નામદારે[૧] બંધ કરાવી છે તેમ છતાં કોઇના ધર્મને નુકશાન પહોચે તેમાં આપની સંમતિ હોય એવું માનવું એ એક અકકલથી બહાર પગ દીધા જેવું છે અને એવી અમો આપની પ્રજાને શંકા પણ નથી.

૯ વળી તે માટે આપ નામદારે સન ૧૮૫૭ ના બલવા પછી જાહેરનામુ કાઢી અમો આપની પ્રજાને વિશ્વાસ આપ્યો છે કે " કોઇના ધર્મને હાની નહી પહોંચે એવી અમો રાજનીતિ ચલાવીશું" આમ સ્પષ્ટ ધર્મવચનથી બંધાયા છતાં અમો આર્યના મુખ્ય તીરથરૂપ ગાય મરે

---

૧ તેથી આ દેશને પેહેલા નંબરની નીવૃત્તિ મળીછે.

છે અને અમારા ધર્મને મોટો ધોકો પહોંચે છે તેમાં અમારી કલ્પના ચાલી શકતી નથી કે આ વાત ચાલુ શા માટે રહી છે.

અમો આર્યાવૃત્તની પ્રજા ગાયને ધર્મના સ્થંભ રૂપ ગણીયે છીએ તેની થોડીક હકીકત આપને રોશન કરીએ છીએ.

ગાય મહિમા.

૧૦ આ આપનો આર્યાવૃતદેશ ધર્મના [1]મૂળતત્વોએજ બંધાયલો છે અને અમે અમારા ધર્મની મહત્તા ગણીએ એ મોટી વાત ન કહેવાય. પણ આપના દેશના નીષ્પક્ષપાત વિદ્વાનો પણ અમારા ધર્મની સ્તુતિ કરે છે. જુવો પ્રોફેસર મેક્ષમુલરે ધર્મ સંબંધી પોતાના એક આખ્યાનમાં એમ કહ્યું છે કે "વેદમાં જે ધર્મપદ્ધતિ કહેલી છે તે પૃથ્વી ઉપરની બધી ધર્મપધ્ધતિયોમાં શ્રેષ્ટ છે; અને જો આ દુનિયામાં ઇશ્વરોક્ત ધર્મ કહેવાનો સંભવ હોયતો તે ઇશ્વરોક્ત ધર્મ કેવળ વૈદિક ગ્રંથોમાંથીજ મળવાનો.

૧૧ બીજું બાબુ રાજનારાયણ બોજ એઓએ એક વાખ્યાન આપ્યું હતું કે બીજા બધા ધર્મો કરતાં હિંદુ ધર્મ શ્રેષ્ટ છે.

૧૨. ત્રીજું. અમેરિકા દેશમાં મિસ્તર જ્યાનસન નામના વિદ્વાને " પૂર્વદેશોમાંના ધર્મ " નામે એક ગ્રંથ કર્યો છે તેમાં તે લખે છે કે બુદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ એ ખ્રિસ્તી ધર્મ કરતાં શ્રેષ્ટ છે.

૧૩. ચોથું. કયાનન લિડન નામે એક ઇંગ્લાંડપંથના પાદરીએ એક વ્યાખ્યાન આપ્યું છે તેમાં તેણે બુદ્ધધર્મની યોગ્યતા વિષે ઘણું પાંડિત્ય કરેલું છે.

૧૪. પાંચમું. લખનૌમાં એક લશ્કરી અમલદારે એક સર્વોત્કૃષ્ટ પુસ્તક છપાવેલ છે. લાગટ ૨૫ વર્ષ સુધી પરિશ્રય અને અભ્યાસ કરવાથી હિંદુધર્મના પ્રાચીનપણા વિષે તથા સર્વોત્કૃષ્ટપણા વિષે તેની ખાત્રી થએલી છે તે કહે છે કે બાકીના બધા ધર્મોએ હિંદુધર્મમાંથી પુષ્કળ લીધેલું છે.

૧૫. છઠું. સ્વર્ગવાસી સર વિલ્યમ જોન્સ પ્રોફેસર ગોલ્ડસટકર અને વિદ્વાન ડાક્ટર હાઉગ જેવા પરદેશી તથા પરધર્મી મહા પંડિતોના વેદ ધર્મની મહત્તા વિષેના અભિપ્રાય પ્રસિદ્ધ થએલા છે.

---

૧ ન્યાસતલ પેપર ઉપરથી સૌ. ૬. પુ ૧૦ સને ૧૮૭૫ પૃષ્ટ ૫૭ મે' "ધર્મનું પુનર્ જીવન" એ મથાળા નીચે જુવો.

૧૬. સાતમું. વળી પ્રોફેસર મોક્ષમુલરે બરહામપોરના એક દેશી પંડિતને પત્ર લખેલો તે મધ્યેથી નિચેનો ઇન્તેખાબ બંગાળાના એક દેશી વર્તમાનપત્રમાં છપાયો છે તે લખે છે કે " તમારા દેશના લોકો વખતોવખત મારો ઉપકાર સ્વીકારે છે તેના કરતાં વધારે ઉમદા બદલો મને મારા શાસ્ત્ર સંબન્ધી શ્રમના સાટાગાં બીજો શ્યો મળે, એ હું ખચીત કહુંછું કે, મારા જાણવામાં નથી.

અધાપિ લગણ હું હિંદુસ્થાનમાં આવ્યો નથી, તોપણ મેં મારો આખો જનમારો હિંદુસ્થાનની વિદ્યામાં ગાળ્યો છે; અને હિંદુસ્થાનના પંડિતોના ઉત્તમ ગ્રંથો વાંચતી વેળા કોઇ કોઇ વાર તો મને એમ થાયછે કે, હું પંડે જાણે હિંદુસ્થાનવાસીજ છું, દેશનો હક પ્રાચીન ઇતિહાસનું યોગ્ય અભિમાન અને અસલી વિદ્યાનો વિવેકયુક્ત ભાવ એ ત્રણ વાનાનો હિંદુસ્થાનમાં ઉદય થાય એટલુ હું માગુછું. તમારી ગઇ વેળાના કરતાં આવતી વેળા વધારે સારી અને ઉજવળ બને એવો પ્રયત્ન તમારે દ્રઢતાથી કરવામાં ઉપરની વાત કાંઇ બાધકારક થવી ન જોઇએ. યુરોપમાં જે જે સારૂ હોય તે ગ્રહણ કરો. માત્ર યુરોપીયનજ બનવાનો પ્રયત્ન કરતા નહીં. પણ જેવા તમે છો, એટલે મનુના બાળકો, પુષ્કળ પાક નીપજાવનારી ભુમીના છોકરા, સત્ય સોધનારા, અને ઓળખ્યામાં આવતા નથી એવા પ્રભુ, જેની સર્વ લોક અજ્ઞાનપણે પુજા કરે છે પણ જેની પુજા કરવાનો ખરો અને ડાહ્યો માર્ગ એજ છે કે, જે વ્યાજબી ખરૂં અને સારૂં હોય તેજ કરવું તેવા પ્રભુને તમે ભજવાવાળા છો તેવાને તેવા તમે રહેજો.

તમારા પૂર્વજો, તમારા કવિઓ, તમારા શાસ્ત્રકારો અને તમારૂ આર્ય નામ એ સર્વનું તમારામાં અભિમાન ઉદય થાય એવી વૃત્તિ હિંદુસ્થાનમાં પ્રદિપ્ત કરવાનો મારાથી કાંઇ જોગ બન્યો હશે તો હું એમ માનીશ કે મારો શ્રમ તદન નિષ્ફળ ગયો નથી. "

૧૭ હવે આવા આવા સમર્થ યુરોપીયન વિદ્વાનો પણ અમારા ધર્મની ને અમારી વિદ્યાની તથા અમારા મતનો સ્વીકાર કરે છે; આથી અમારા ધર્મના મૂળતત્વોનો પુરાવો બીજો શું જોઇએ. તેમાંય પણ બધા ધર્મોના મૂળતત્વો કરતાં ગાયને અમે અમારા ધર્મનુ મૂળતત્વ વિશેષ માનીએ છીએ. વળી એની પુરી શાબીતિને માટે અમો અરજદાર ...તે રજા લઇએ છીએ કે એક વર્ષમાં અમારે ગાય માતાની

સેવા, પુજા, અને ધર્મના દિવસોનો મહિમા એટલો આવે છે કે તેટલા ધર્મના દિવસને મહિમા બીજા કોઇ દેવનો આવતો નથી. આથી આપ નામદારને સહેજ ખાત્રી થશે કે અમો અરજદાર ગાયોને બરોબર દેવજાતિ તરીકે માનીએ છીએ.

૧૮ બીજી અરજદારોની સ્તુતિની સાબીતિ એ છે કે "કમીશનથી અમારી ગમે તે નાતોમાં પૂછી માહિતિ મેળવશો તોપણ એ સર્વ કોમો તરફથી એમજ ઉત્તર મળવાનો કે "હા અમો આર્યાવૃતની સર્વ પ્રજા ગાયોને દેવ તરીકે માનીએ છૈએ અને પુજીએ છીયે." ત્યારે આપ નામદાર સાહેબને વધારે ખાત્રી થશે કે આર્ય લોકની સ્તુતિ છે તે બ્યાજબી છે. તે ધર્મને નુકશાન થતા કેવળ ભેદાયલા હૃદયોથી છે.

૧૯ ત્રીજી બાબત જાહેર કરી એમ સાબીત કરવા માગીએ છીએ કે "આપના દેશના કુળવાન ગ્રહસ્થો કે જે અમારા દેશમાં ઘણા કાળ રહી ગયા છે અને અમારા દેશનો જેને અનુભવ છે. તેમને પુછી માહેતી મેળવશો તોપણ આપ નામદારને ખાત્રી થશે કે આર્ય દેશમાં ગાયો મોટા ધર્મના સ્થંભરૂપ મનાય છે."

૨૦ ચોથી એવી દલીલ રજુ કરીએ છીયે કે "આપના દેશના કુળવાન ગ્રહસ્થો કે જેણે સંસ્કૃત વિદ્યાનો પુરેપુરો અભ્યાસ કરેલો હોય, વળી આ મારો દેશ કે આ પરાયો દેશ એવું જેના મનમાં સ્વપ્ને પણ ન આવતું હોય એવા પ્રમાણીકપણામાં એકા હોય તેવા મહા પુરૂષોને પુછવાથી ખાત્રી થશે કે આર્યલોક ગાયને દેવરૂપ ને ધર્મના સ્થંભ રૂપ માને છે કે નહી.

૨૧ પાંચમી હકીકતથી એમ સાબીત કરવાને માગીએ છીએ કે "અમારા આગળના દેવરૂપ રાજાઓ જેવા કે દિલિપ ×રઘુ રામચંદ્રજી, કૃષ્ણજી, અરજુન, પરીક્ષત, વેન, પ્રથુ, ફરસુરામ વિગેરે જેને અમો અરજદાર સાક્ષાત ઇશ્વર માનીએ છૈએ ને જેના માત્ર નામ સ્મરણથી અમે અમારૂં કલ્યાણ માનીએ છૈએ તેઓએ પણ પોતાના રાજસુખ ને વૈભવનો ત્યાગ કરીને ગાયોની સેવા કરી છે તે અમારા ભાગવત ભારતાદિ માન્ય પુસ્તકોમાં પ્રસિદ્ધ છે ત્યારે અમે તેમના સેવક ગાયોને કેમ

× સ્વયંભુ મનુનો ૧૦ મો દીકરો. શ્રીમદ ભાગવતના નવમા સ્કંધમાં એની વાત છે. અધ્યાય બીજો.

માનતા નહી હૈયે' આ બાબત સ્વસ્થ રીતથી વિચાર કરી ધ્યાન આપશો તો આપને અમારી વાતની ખાત્રી થશે.

૨૨ આર્ય મનુષ્યો જેમ પોતાની માતુશ્રીનો અવશાનં કાળ સાચવેછે તેમજ અમો સર્વ આર્ય લોક ગાયનો પણ અવશાનકાળ સાચવીએ છૈયે.

૨૩ માવતરને પછવાડે જેમ પુન્યદાન કરવામાં આવે છે તેમ ગાયના મૃત્યુ પછી તે પછવાડે પુન્ય દાન કરવામાં આવે છે.

૨૪ માવતરના મુવાટાણે એકાદશી વિગેરે વૃત માનવામાં આવે છે તેમજ ગાયના મૃત્યુ સમયે વ્રત વિગેરે માનીયે છૈયે ને પછવાડે તે પ્રમાણે કરીયે છૈયે.

૨૫ જે ગાયનું છાણ છે તેને પૃથ્વીપર લીંપીને તેપર મરતા માણસને સુવારીએ છીયે ત્યારેજ તે જીવની સદ્દગતિ માનીએ છીયે.

૨૬ અમો આર્ય લોકમાં જે મરી જાય છે તે જીવની ગતિ કરવાને માટે અમો અરજદાર ગાય વાછડાને મનુષ્યની રીતે પરણાવીએ છીયે તેમાં મોટી ધામધુમથી મોટો ખરચ કરીએ છીયે ને તેથી મુવાના જીવની સદ્દગતિ માનીએ છીએ.

૨૭ રસ્તે ચાલતા કોઇ ગાય સામી મળે તો તેને પગે લાગી પછી આગળ ચાલવું એવું અમારી મુખ્ય મનુસ્મૃતિના ચોથા અધ્યાયના ૩૯ મા શ્લોકમાં ફરમાન છે.

૨૮ બોળચોથને દિવસ એટલે શ્રાવણ વદ ૪ ના રોજ મોટી ધામધુમથી અમો અરજદારની સ્ત્રીઓ ને દીકરીઓ ગાયની પુજાને વ્રત્ત કરે છે ને તે દિવસ મોટો ધર્મનો ગણીએ છીએ.

૨૯ આડે દિવસે પણ હમેશાં આર્ય દેશની સ્ત્રીયો ગાયોની નિત્ય પૂજા કરે છે.

જે ગ્રહસ્થને ઘરે ગાય નથી તેનું ઘર અમે સ્મશાન જેવું માનીએ છીએ.

૩૦ કન્યાદાનમાં પણ ગાયનું દાન કરીએ છીએ ને પુન્ય માનીએ છીએ.

૩૧ ઘણા ગરીબ લોકો હલકા વર્ણની નોકરી કરી ખાય છે તે પણ વીડની નોકરી કરતા નથી કારણ કે વીડની નોકરી કરે તો કોઇ ગાય ...માં ચરવા આવે તો હાંકવી પડે માટે વીડની નોકરી કરતા નથી. આ ... મહાત્મની વાત છે ને આટલી બધી મમતા છે.

૩૨ હવે આ ટુંકો ગાયમહિમા[1] કહી અરજ કરીએ છીએ કે જે ગાયને ઉત્તમ પુન્યક્ષેત્ર માનીએ છીએ, જે ગાયને દેવ તરીકે પૂજીએ છીયે, જે ગાયને અમારી દોલત ગણીએ છીએ, જે ગાયને અમારૂં જીવન ગણીએ છીએ, ને ટુંકામાં જે ગાયના અમો ચાલતા સુધી સમ પણ ખાતા નથી તેજ ગૌભક્તિવાળા દેશમાં ગાયને ગળે છરી મેલાય છે એજ અમારા હતભાગ્યની નિશાની છે.

૩૩ અમારા દેશમાં ઘણા ભાગમાં ન્યાયની કોર્ટોમાં ગાયના ને ગીતાના સપથ અપાય છે અને એ સપથ અપાયા એટલે કોઇ પક્ષથી આડું અવળું બોલાતુ નથી એટલેથીજ તકરારની હદ આવી રહે છે.

૩૪ કલકત્તામાં એક ગૌવધ થાય છે તેની ખબર દ્વારકાંના છેડા ઉપર પડે છે ત્યારે ત્યાંના તમામ આર્ય લોક ખળભળી ઉઠતા તેઓના અંતઃકરણ ભેદાય છે ને કોળાહળ કરી મુકે છે ત્યારે જે આર્યસ્થાનમાં ગાયને ઘેર ઘેર પૂજે છે તેજ ઠાર તેજ ગાયોનો વધ થવા માંડયો ત્યારે તે સ્થળના મનુષ્યોનાં કેટલાં અંતઃકરણ ભેદાયાં હશે તે આપેજ કૃપા કરી વિચારવું જોઇએ.

૩૫ પૂર્વે મુકતાનંદસ્વામી થયા તેણે રામેશ્વરને ૧૦૮ કાવડો ચડાવેલી, ચાર ધામ કર્યા, ને મહા તપેશ્વરી ને સમર્થ હતા તોપણ તેના પેટમાં અજાણતા ગાયનુ માત્ર ૧ રૂવાડુ ગયુ તે પાપના પ્રભાવથી યવન જાતિમાં થયો એવો અમો આર્ય લોક ગાયનો ત્રાસ માનીએ છીએ. ત્યાં આપણી ગાયોનો આર્યસ્થાનમાં વધ થવા લાગ્યો ત્યારે અમારા આર્યસ્થાનની કેટલી દુર્દશા થવી જોઇએ તે આપેજ કૃપા કરી વિચારવું જોઇએ.

૩૬ જ્યારે અમુક જગ્ગોએ ગાયનો વધ થયો એવું અમારા લોકો જાણે છે ત્યારે તે દિવસ અહાર તજી આપે છે તે દિવસ માંગલીક ઓછવ તજી આપે છે, તે દિવસ ગાવું બજાવવું તજી આપે છે, તે દિવસ હસવું બોલવું તજી આપે છે, તે દિવસ હાલવું ચાલવું તજી આપે છે, ને ટુંકામાં તે દિવસ ઉદાસીમાં કામ ધંધો પણ તજી આપેછે ને કહે છે કે હા—દેવ—આ શું—કોઇ ભવનાં પાપ નડે છે? કેશું અમારા હત ભાગ્યની મોટી નિશાની છે? કેશું અમો સર્વ પ્રજા પુન્ય પરવારી બેઠી ? કે જેને અમો દેવકલ્યાણમુર્તિ માનીએ છીએ તેજ અમારા જંગમ તીર્થનો, તેજ અ-

---

૧ ફકત ગાયને માનીએ છીએ એમ નથી, બળદને પણ પૂજીએ છીએ વાંચો "શ્રાવણ મહાત્મ્યનો ૨૬ મો અધ્યાય."

મારી દેવમુર્તિનો ને ફુકાગાં તેજ અમારા જીવનનો આગારાજ ધાર્મિક દેશમાં પ્રત્યક્ષ ખુલ્લી રીતે ભંગ થવા લાગ્યો—આટલું બોલી સુનકારની પેઠે ઉદાસીમાં ગોવધના દિવસ ગુજારે છે તે કેમ જાણે! ઉદાસીએ ઘેરી લીધા હોયની શું, કેમ જાણે ખરા જ્ઞાનથી આ અસાર સંસારમાં થી ચીત વૃતિ ઉઠી ગઇ હોયની શું, કેમ જાણે ધર્મજ્ઞ માણસને ધર્મમાં ચૂક પડી હોયની શું; કેમ જાણે સ્થાનીક સરકારના મોટા અપરાધમાં આવ્યા હોયની શું, કેમ જાણે કોઇ જાતના મહા વાયુથી ભ્રમીત થયા હોયની શું, કેમ જાણે કોઇએ ચીતવૃત્તિ ખેંચી લીધી હોયની શું, કેમ જાણે ચોરીમાં સર્વસ્વ ગયુ હોયની શું, કેમ જાણે પોતાના કુટુંબભર્યું વહાણ ડુબ્યું હોયની શું, કેમ જાણે કુટુંબ પાળણ મનુષ્યનું મોત થયુ હોયની શું, આમ ગોવધના દિવસ અમો અરજદાર ગુજરીએ છીયે. તેમ છતાં આટલા બધા રૈયતના પોકાર સામું સરકાર ધ્યાન દે નહીં ત્યારે રાજા રૈયતના ડીધા ચીત કહેવાને શું હરકત છે. વળી અંગ્રેજ સરકારની રાજનીતિ છે કે રૈયતનો નોકર [1]રાજા છે આવી શુભ રાજનીતિનું પ્રમાણ કયાં રહ્યું ?

૩૭ આગળ ગાયોના દુધ દહીં ને ઘી રૂપી અમૃતથી અમારી બુદ્ધિ પાતાળમાં પરિવર્તન કરતી, આકાશમાં અવલોકતી ને પૃથ્વીની ચારે બાજુ ભ્રમણ કરતી હતી, પણ હવે ગાયરૂપી અમારૂં જીવન, આકાશની અમારા દૈવચક્ષુ ને ગાયરૂપી અમારી બુદ્ધિ નાશ થવાથી અમારૂ જીવન, અમારા દૈવચક્ષુ ને અમારી બુદ્ધિ નથી, આકાશને ઓળખતા નથી, પાતાળને પીછાણતા નથી, કે નથી પોતાનુ સ્થાન મુકી આગળ ગતિ કરતા. આ અમો અરજદારોને કેટલું નુકશાન, કેટલું નામોસીવાળુ કલંક ને કેટલું અમે અમારૂં હતભાગ્ય ગણીએ, એ વિષે દીર્ઘદ્રષ્ટિ પોહોચાડી કરૂણા આણવા આપનેજ વીનવીએ છીયે.

૩૮. ગાયોથીજ અમે અમારૂં કલ્યાણ માનીએ છીએ એટલે અમારો આ દેશજ ગો ભક્તિવાળો છે તેજ દેશમાં ગાયો મરે એ ગાયોનું શું મહાત્મ્ય જે દેશ ગોભક્તિવાળો છે તેજ દેશમાં ગાયો મરે ત્યારે તે દેશનું શુ મહાત્મ્ય. જે દેશ ગોભક્તિવાળો છે તેજ દેશમાં ગાયો મરે ત્યારે તે દેશના ધાર્મિક લોકોને ધર્મ પાળવાનું શું મહાત્મ્ય જે દેશ ગોભક્તિવાળો છે તેજ દેશમાં ગાયો મરે ત્યારે તે પવીત્ર ધર્મનું શું મહાત્મ્ય જે

૧ જુવો મહીપતરામની ઇગ્લાંડની મુસાફરી પૃષ્ટ ૨૭, પ્રકરણ ત્રીજું.

દેશ ગોભક્તિવાળો છે તેજ દેશમાં ગાયો મરે ત્યારે તે દેશનાં ગોભક્તિવાળા રાજાઓનું શું મહાત્મ્ય ને જે દેશ ગોભક્તિવાળો છે તેજ દેશમાં ગાયો મરે ત્યારે સર્વોપરી રાજાએ પોતાની પ્રજાના ધર્મનું રક્ષણ કરવું એવું જે રાજનીતિનું ફરમાન છે તેનું શું મહાત્મ્ય!!!

૩૯ અમો આપની રાજ્યભક્તિવાળી પ્રજા છીએ. અમારા પગમાં બેડી, હાથમાં હસકડાં ને ડોકમાં તોક નાંખશો તોપણ અમને રાજ્ય તરફનો તીરસ્કાર કે કંટાળો નહી આવે પણ ઉલટો એમ ઉચ્ચાર થશે કે અમારા રાજાઓનું કલ્યાણ થાઓ, અમારા રાજાના રાજ્યની વૃદ્ધિ થાઓ, અને અમારા રાજા સર્વ વાતે સુખી થાઓ આગજ શુદ્ધ અંતઃકરણથી બોલવાના તેમજ ચાલવાના. કારણકે ઇશ્વર, ભગવાન, પ્રભુ કે પરમેશ્વર જે કહો તે અમે અમારા રાજાને માનીએ છીએ.

૪૦ હવે આવી રાજ્યભક્તિવાળી પ્રજાનો ધર્મ લોપાય ને પ્રજાના દીલ કચવાય એવી આપની રાજ્યનીતિ છેજ નહી. આપનાં રાજ્યનું બંધારણ બધું નીતિ ભર્યું છે વળી તે નીતિ બતાવવાને માટે કાયદામાં ને ઢંઢેરામાં કોઇનો ધર્મ દુભાય નહી એના માટે આપે વખતોવખત કાળજી રાખી જ્યાં ઉત્તમ રાજ્યનીતિ બતાવી છે તેજ આ આર્યાવૃત ને તેજ દેશની પ્રજાનો આ પોકાર છે તો અમો આપની પ્રજાને આ અરજીથી નિઃશંક ભરૂસો છે કે અમારા ધર્મને થતી હાની તુરત અટકાવશો. કારણ આગળ લખ્યા મોટા મોટા દુખ કાપ્યા તો આ પણ તેવુંજ ભયંકર ધર્મ નુકશાન છે. અમારો ધર્મ સાચવવો આપની પહેલામાં પહેલી ફરજ છે તેમ છતાં અમે અમારો *ધર્મ સાચવતાં સરકાર પાસે ખરચ કાંઇ માગતા નથી આ તો ફકત ગાયોનો વધ બંધ કરવાનો છે આ કાંઇ આપને મોટી વાત નથી તેમ અમારી માગણી અયોગ્ય નથી પણ યોગ્ય છે કારણકે અમારો ધર્મ સાચવતાં બીજાના ધર્મને હાની પહોચતી નથી.

૪૧. વળી અમો અરજદાર અરજ ગુજરીએ છીએ કે આપના રાજ્યના તાબામાં આવ્યા પછી અમોને વ્યાજબી ન્યાય મળે છે, અમે અમારી કમાણીનો સુખે ઉપયોગ કરી શકીએ છીએ, અમારા અજ્ઞાનના

---

* હિંદુસ્થાનમાં ખ્રિસ્તી ધર્મ ગુરૂઓનું ખાતુ નીભાવવા પાછલ સરકારને રૂ. ૧૬૨૫૯૯૦ નો ખર્ચ દર વર્ષે બેસે છે ને તે આપણા દેશમાંથી લેછે જુવો ગુજરાતી પુસ્તક. ૧૫ આંક ૪ પૃષ્ટ ૧૦૧.

પડળ ઉઘડયાં છે, અમારા ઉપરના અસહ્ય જુલમ આપે બંધ કર્યા છે અને ટુંકામાં અમો આપની પ્રજા આપના ન્યાય છત્ર નીચે રહી સુખથી કલોલ કરીએ છીએ પણ જ્યાં સુધી અમારી ગૌમાતાના અકાળ મૃત્યુ બંધ નહી થાય ત્યાં સુધી સદરહુ સુખથી અમો આપની પ્રજાને સંતોષ વળવાનો નથી કારણકે માણુસનો ધર્મ જાય ને સુખ મળે એ સુખ શા કામનું, પોતાના ધર્મ માટે માણુસો ઘરબાર ને કુટુંબ તજી આપે છે, પોતાના ધર્મ માટે દુરાચરણવાળા મિત્રોની મિત્રાઇ તજી આપે છે, પોતાના ધર્મ માટે પોતાની પ્યારીને જન્મ આપનાર જન્મ ભૂમી તજી આપે છે, પોતાના ધર્મ માટે પોતાનો પ્યારો દેશ તજી આપે છે, ને ટુંકામાં પોતાના ધર્મ માટે પોતાનો પ્યારો પ્રાણ પણ તજી આપે છે. આટલુ બધું ધર્મનું જોર દરેક દેશના દરેક મનુષ્યના મનમાં વસી રહ્યું છે.

૪૨–૫૭ નો બળવો હતો તે ધર્મ માટે થયો. સરકારે જે હિંદુસ્થાનમાં ખ્રિસ્તિ ધર્મગુરૂઓનું ખાતું નભાવવા ૧૬૧૫૯૬૦ રૂ નો અમારા ઉપર બોજો નાંખ્યો છે તે ધર્મ માટે. આર્યસ્થાનમાં આર્ય લોકને ને મુસલમાનોને વખતોવખત મારામારી ને ઝઘડા થાય છે તે ધર્મ વાસ્તે, આર્યસ્થાનને મુસલમાનોએ જે પાયમાલ કર્યું તે ધર્મ વાસ્તે, આર્યસ્થાનમાં ધર્મગુરૂઓ (પાદરીઓ) ને બોધ દેવા પ્રયત્ન કરી મોકલોછો તે ધર્મ વાસ્તે.

માટે દરેક દેશમાં ધર્મનું જોર વિશેષ છે, તે ઉપરાંત ઘણા દૂર દેશના રાજાઓએ પોતાના ધર્માધ્યક્ષોને પરદેશ મોકલી પરધર્મી પ્રજાને પોતાના ધર્મમાં લાવવાને પ્રત્યક્ષ પ્રયત્ન કરેલા છે, ઘણા રાજાઓએ જુલમથી પોતાનો ધર્મ પ્રવર્તાવવા ફાંફાં માર્યા છે ને ઘણાઓ યુક્તિપ્રયુક્તિઓ કરે છે પણ તેવી રીતનું કે તેમાંનું કાંઇ ગુપ્ત છળભેદનો પ્રપંચ રચી અમે કોઇ પ્રયુક્તિ કામે લગાડતા નથી (એજ અમારા ખરા ધર્મની મહત્તાની સાબીતિ છે) પરંતુ અમો આપની પ્રજા નીખાલસ દીલથી આપ ન્યાયમૂર્ત્તિની પાસે મરજાદયુક્ત ને વિનયથી અમારો ધર્મ સાચવવાને માટે આ અમારી નમ્ર વિનંતિ છે તેમાં ઉમેદ રાખીએ છીએ કે અમે નિરાશ નહી થઇએ.

૪૩ હાલ આપના નેક રાજ્યથી અમે આપની પ્રજાને ધીરજ ને સંતોષ તેવી વૃતિ અમારા મનને આપીએ છીએ કે અમારી તીર્થરૂપ ગાય રક્ષી બંધ માટે નહી થાય કારણકે આપના રાજ્યનુ બંધારણ બધું નીતિભર્યું

છે કાયદાને આધારે છે ને નીખાલસ દીલનું છે તો જ્યાં સુધી આપના હાથમાં ન્યાયનો દંડ છે, નીતિ છે ને અમારા તરફ નીખાલસ દીલ છે ત્યાં સુધી અમે ન્યાયને વચમાં રાખી ન્યાયના જોરથી આપની પાસે હઠ કરી માગીએ છીએ કે જે આપનું રાજ્ય, નિષ્કલંક છે તેમાં આટલું ગોવધનું કલંક રાખવાનું કાંઇ કારણ નથી. કારણ કે આપ ખુદ રાજ્યકર્ત્તા કોઇના ધર્મમાં હાથ નાંખવાને હાની સમજોછો તો બીજાઓથી તો પરાયા ધર્મમાં હાથ નંખાયજ કેમ? આવી શુભ રાજનીતિ શુદ્ધ અંતઃકરણથી પાળોછો, આવો નીતિભર્યો પ્રબંધ આપના રાજ્યનો છે તેથી અમે પૂરી ઉમેદ રાખીએ છીએ કે અમારી ગૌમાતાનો વધ બંધ થશે ને અમારા ધર્મને પોંચતી હાની તરત દૂર કરશો તેથી આપ નામદારને આપના આર્યસ્થાનની પ્રજાએ તરફી આપી અરજ ગુજારી છે.

સદરહુ હકીકતથી અમારા ધર્મને હાની પહોંચે છે તે બતાવ્યું, પરંતુ ગોવધથી આખા આર્યસ્થાનને કેટલી હાની પહોંચે છે તે નીચેની હકીકતથી આપ નામદારને સહેજ ધ્યાનમાં આવશે.

હવે દેશનુકસાન બાબત.

હવે જે દેશમાં જે ધર્મ ચાલતો હોય તેજ દેશમાં તેજ ધર્મનો નાશ થાય ત્યારે તે દેશની ધર્મમંડળીનાં અંતઃકરણ ભેદાય એ જેમ સ્વાભાવીક છે તેમ જે દેશને જે પદાર્થ ઉપર આધાર છે તેજ પદાર્થનો નાશ થાય ત્યારે તે દેશ પાયમાલ થઇ હીનપણું ને દાસપણું ભોગવે એ પણ સ્વાભાવિક છે.

૪૪ અમો નીવૃત્તિ પરાયણ પ્રજા છીયે પરંતુ આ અમારા ધર્મરૂપ ને તીરથરૂપ ગાયોને માટે અમારી નીવૃત્તિ છૂટી ગઇ છે કારણ કે આગળ મુસલમાનોની વખતમાં હરદમ ઝઘડા થતા, મારામારી થતી ને બન્ને તરફના ભોળા પ્રાણ જતા પણ ધર્મનો જુસ્સો મૂકતા નહી અને એજ કારણથી આપની પ્રજા ધર્મને માટે મોટા મોટા પ્રાણસંકટો વેઠી વેઠી નબળી સ્થીતિમાં આવી પડી છે તથા અમોને દુઃસંગના પ્રચારથી અમારી નીવૃત્તિ છૂટી ગઇ છે કેમકે તેમની જુલમી ને સ્વછંદી રાજનીતિ હતી તેથી ઠાર ઠાર ધર્મનાં બંડ ઉઠતાં તે ઠાર ઠાર કાપાકાપી ચાલતી હતી આ કારણથી અમારા ધર્મને તેને રેણી (કરણીને મોટા ધોખો પોહોં

ચ્યો છે પણ હાલના જેટલું [1]નિરંકુશીત ગોવધ નુકશાન લાગતું નહી.

૪૫ હાલના વખતમાં તો ગાયોને વિના મુલની ગણી જે જેની મરજીમાં આવે છે તે મારે છે તે કેમ જાણે આર્યસ્થાનમાં કોઇ રાજા છેજ નહી તેથી એટલી બધી સ્વતંત્રતા વાપરવામાં આવે છે કે નથી પૂછતા રાજાઓને કે નથી પૂછતા ધર્માધ્યક્ષોને એટલી બધી સર્વ કોમોને નિરંકુશીતપણાથી છુટ થઇ પડી છે ને સર્વ ગાય મારવાવાળા લોકોને કાયદાના નામથી ડરાવવા લાગ્યા છે આટલેથીજ અમારી દુખભરી કાણી અટકે એવું નથી વળી ઓછામાં પુરૂં હાલ ઠાર ઠાર કંપનીઓ નીકળી છે એટલે જે દેશને ગાયો ઉપર સંપુર્ણ સારી સ્થીતિનો આધાર છે ને જે ગાયોને ધર્મનું રૂપ ગણીએ છીએ તેજ દેશમાં તેજ ગાયોને મારી તેના માંસ હાડના ટુકડાઓ વેચવાની દુકાનો નીકળી છે ને ગો ભક્તિવાળા દેશમાંજ ગાયોને મારી ભાજીપાલાની પેઠે વેચાય એ દેશીઓને થોડું ધર્મજ્ઞાન છે ? એ સર્વોપરી રાજાએ આમાં તરત ધ્યાન શું નથી આપવું જોઇતુ. હવે આ કંપનીયોમાંથી જેમ જેમ લોકો વધારે ખરીદ કરવા લાગ્યા તેમ તેમ બોહોળે પ્રકારે ગોવધ વધારે ચાલુ થયો કે જેની સંખ્યા પણ આજ કાઢવી મુસ્કેલ થઇ પડી છે તેથી દેશ પ્રતિદિન નબળી સ્થીતિમાં આવી પડયો.

૪૬. થોડાક વર્ષપર શ્રીમાન્ સ્વામીએ કલકતામાં એક [2]ભાષણ આપ્યું હતું તેમાં તેણે બતાવ્યું છે કે " આર્યસ્થાનમાં ૮૫ હજાર સોલજર લોકો છે ને તે દરેકને નીયમસર શેર, શેર ગોમાંસ દેવામાં આવે છે. ગોવધ કરનારા કસાઇ લોકો કહે છે કે દરેક ગાયમાંથી ૧૫૦ પાઉન્ડ માંસનીકળે છે ને તે હિસાબે રોજ ૫૬૭ ગાયો માત્ર સોલજરો માટે કપાય છે હવે તે હિસાબે ગણતાં એક વરસમાં *બે લાખ છ હજાર નવસે ને પંચાવન ગાયો કપાય છે આ હિસાબ તો માત્ર સોલજરોને માટે છે પણ સોલજરો સિવાય અંગ્રેજો ને મુસલમાનો વિગેરેને માટે રોજની ૮૩૩૩ ગાયો કાપે છે. આવાત ખરી હોયતો પછી અમારી ગૌમાતાની સમૃદ્ધિ કેટલા

---

[1] નિરંકુશીત એટલા માટે કે પશુપંખીના શિકાર માટે આર્યસ્થાનમાં ધારા ને પરવાના લાગુ પડયા પણ દેશની ખરી દોલત ગાય છે તેને માટે દેશીરાજાઓ અને દીવાનોએ કાંઇ વિચાર્યું નહી, સાબાસ છે ?

* રાજાઓને ને દીવાનોને.

દિવસ પહોંચવાની ? એ આપેજ કૃપા કરી આ દેશનું ભયંકર નુકશાન ધ્યાનમાં લેવા જેવું છે.

૪૭ જેમ શ્રીમન્ સ્વામીએ હિસાબ બતાવ્યો છે તેમ "હિંદુસ્તાનને ગાય" એ નામની એક નાની ચોપડી વૈદ્ય હરગોવીંદ ગિરિજાશંકરે લખી સંવત ૧૮૪૪ ની સાલમાં સુબોધ પ્રકાશ છાપખાનામાં છપાવી છે. તેમાં ૧૦મે પૃષ્ટે એક સાલનો હિસાબ બતાવ્યો છે કે, જેમ વાંદરાગાં બેલનો વધ થાય છે તેમ ગાયનો પણ થાય છે તેની સંખ્યા ૧૧૩૧૩ ની જાણવામાં આવી છે એ હિસાબે આખા હિંદુસ્થાનમાં ૧૬૮૬૯૫ ને આસરે ગાયોનો વધ થાય છે એમ અનુમાન જાયછે તો તે વધથી દેશને કેટલું નુકશાન છે તે તરફ નામદાર સરકારનું ધ્યાન ખેંચીએ છીએ—જો એક ગાયનું સરાસરી હિસાબે દરરોજ બે ટંકનું ૯ શેર દૂધ ગણીએ તો ૧૨ માસનું ૮૧ મણ દુધ થાય તેમાંથી ૧ મણ નાશ ખાતે ગણતાં નકી ૮૦ મણ દૂધ ગણવામાં આવે તો ઉપર બતાવેલ ગાયોનું એકંદર ૧૩૪૯૫૬૦૦ મણ દૂધ નાશ પામે છે. હવે આ દૂધ બચેતો દર એક માણસને દરરોજ બે ટંકનું ૫ શેર લેખે પુરતે ખોરાકે એક વરષના ખોરાક માટે ૪૫ મણ દૂધ જોઇએ એ હિસાબે ઉપર બતાવેલ દૂધથી સામટી રીતે ગણતાં ૨૯૯૦૧૩ માણસનું ૧૨ માસ સુધી માત્ર દૂધના ખોરાકથી સુખેથી પોષણ થાય તો દરેક ગાય છ વખત ફરી વિઆય એમ ગણતાં ઉત્પાદક સ્થીતિનો ધોધ કેવો નાશ થવા લાગ્યો છે તે ધ્યાનમાં લેવા અરજદારો આપનેજ વીનવે છે.

અમારા દેશમાં ગાયો છે તે દેશઉપયોગી પરોપકારી ને દેશની દોલત વધારનાર પ્રાણી છે. વળી અમારા દેશને ગાય ઉપર જેમ ધર્મનો આધાર છે તેમ દેશને પણ સારી સ્થીતિનો આધાર ગાય ઉપર છે તે નીચેની હકીકત ઉપરથી વિશેષ ધ્યાનમાં ઉતરશે.

૪૮ એક ગાયને ઉછેરી ફળ આપે એવી કરતાં ૫ વર્ષ લાગે છે તે ગાય ૧૦ વેતર વીઆય છે, ૨૫ વર્ષ જીવે છે, ગાયના નાનપણ ૫ વર્ષ બાદ કરતા ૨૦ વર્ષમાં ૯–૧૦ ફળ આપે છે તે ફળમાં જો વાછડી આવે છે તો ૫ મે વર્ષે તેની માની સાથે ફળ આપવા માંડે છે તેટલી મુદતમાં તેની મા બે ત્રણ ફળ આપે છે. ત્યાં બીજા ૫ વર્ષ થાય છે એટલે પહેલી વાછડી પણ બે ત્રણ ફળ આપે છે તેટલી મુદતમાં આ પેલી વાછડીની વાછડી પણ વીઆવા લાગે છે ત્યાં ૧૦ વરષમાં મૂળ

બીજા ૩–૪ ફળ આપે છે હવે તેવી મૂળ એક ગાયને સાચવતાં ગાયનો માલીક કેવો સમૃદ્ધિવાળો થાય છે હવે એવી ફળરુપ ગાયોનો એક ક્ષણમાં નાશ કરતાં તેના પંડનું તથા તેના વિસ્તારનું મનમાં વિચારતાં કેટલું દેશ નુકશાન છે. તે નામદાર સરકારે ધ્યાનમાં લીધા જેવું છે.

કદિ મૂળ ગાયને વાછડી નહી ને વાછડો આવે તોપણ ૫ મે વર્ષે ખેડના ઉત્તમ કામમાં લાગી કેવો દેશોન્નતિમાં વધારો કરે છે. તે બેલ આખા દેશને ધાન્ય નીપજાવી આપી દેશનું ભરણપોષણ કરે છે. આ બેલ ને ઠેકાણે ઘણા દેશોમાં પાડા, ગધાડા, ઉંટને, ખચર કામે લગાડે છે. પણ બેલ જેવા એકે પ્રાણી ખેડના કામમાં ઉપયોગી જણાયા નથી તેજ બેલનો વિના અપરાધે નાશ થાય છે ત્યારે અમારા અંતઃકરણ કેવા ભેદાતાં હશે તે વાતમાં આપનેજ કરૂણા આણવાની છે.

૪૯ આ જગોએ એક વાત ઉપર આપનું ધ્યાન ખેંચીએ છીએ કે દેશોન્નતિમાં ખરેખર ગોવધથી ખલેલ પહોંચે છે. આ વાત જ્યારે મુસલમાન પાદશાહીના વખતમાં આર્ય લોકથી ધ્યાનમાં ઉતરી ત્યારે તેઓ અન્યાઇ ને જુલ્મી હતા તોપણ તરત ગોવધ બંધ થયો, તો આપનું રાજ્યતો કેવળ ન્યાયને માટેજ બંધાયલું છે તેમાં ગોવધ ને બળદોના વધ થાય એ આપનાજ દેશને પહોંચતી હાનીને માટે આપેજ ધ્યાન દીધા જેવી જરૂરની હકીકત છે માટે ગાય બળદ જે દેશની સજીવન દોલત છે ને પ્રત્યક્ષ મૂર્ત્તિમાન દોલત છે તેની હાની એ દેશની હાની થોડી ગણાય નહી તે ઉપર હવે ધ્યાન ખેંચીએ છીએ.

૫૦ આગળ અમારા દેશમાં ગાયોનીજ વૃદ્ધિ હતી. ત્યારે અમારો દેશ સમૃદ્ધિમાં ને સુખમાં પૂર્ણ હતો તે વખતમાં અમારા દેશમાં ૫ રૂપીએ સારી ગાય મળતી ૧૦–૧૨ રૂપીએ સારા વાછડા મળતા ૮ રૂપીએ ખાંડી અનાજ મળતું ને ૫ રૂપીએ મણ ઘી મળતું હતું. તે વખતે અમારો દેશ જાહોજલાલીમાં કેવો સુખી હશે તે નીચેની કલમ ઉપર ધ્યાન ખેંચીએ છીએ.

૫૧ ઉપરની કલમમાં ૫ રૂપીએ સારી ગાય મળવાનું અરજદારોએ બતાવ્યું છે તે વિષે અરજ કરવાની કે તે વખતે ૫ રૂપીએ ઉત્તમ ગાય મળતી ૧૦–૧૫ શેર દૂધ આપતી તેથી આખા ઘરના મનુષ્યનું પોષણ થતું હતું તેથી આખું ઘર અમૃતરૂપી દૂધ દહીંથી તૃપ્ત ને સંતોષી ...નં હતું.

અવસ્થા થઇ છે આવી અમોજ માત્ર કલ્પના કરતા નથી પણ અમારા વિદ્વાનોએ પણ સિદ્ધ કર્યું છે આ વિષે ખરેખર ધ્યાન આપશો તો અમને સંપુરણ ભરૂસો છે કે આ ગોવધથી દેશની પડતી જોતાં આપને કરૂણા તથા આશ્ચર્ય ઉત્પન્ન થયા વિના રહેશે નહીં એટલો આગળના જમાનામાં ને હાલના જમાનામાં ફેર પડયો છે એ વિષે ખચીત ફરી આપવાનું ધ્યાન ખેંચીએ છીએ કારણ કે ગોવધથી દેશ કેવો નિર્ધન અવસ્થાએ પહોચ્યો છે ને હજુ પણ ગોવધ ચાલુ રહયો વો દેશને બહુ ભયંકર સ્થીતિએ પહોંચવું છે માટે સત્વર અમારા ઉપર અને અમારા દેશ ઉપર અને કરૂણા ભરી દ્રષ્ટીએ ને આશ્ચર્ય ઉત્પન્ન કરે એવી રીતે ખાસ અમારી સ્તુતિ ઉપર નીધા પહોંચાડશો.

૫૬ આ દેશમાં ગાય છે તે ધર્મમુર્તિ ને સારી સ્થીતિએ પહોંચાડનારૂં સાધન છે. મતલબ કે આ દેશજ ગોમય કહેવાય છે એટલે ગાયોરૂપી સમૃધિએજ સિદ્ધિવાળો. આગળ જ્યારે હાલના જેટલો બંદોબસ્ત નહોતો ત્યારે લુટારા લોકો બીજી મિલ્કત ઉપર ધ્યાન નહીં દેતા માત્ર ગાયોજ હાંકી જતા હતા તેથી આપને સિદ્ધ થશે કે આમારા દેશમાં ગાયો છે તે મુખ્યથીજ ખરી મિલ્કત ગણાય છે.

૫૭ આ મનુષ્યજાતિ છે. મનુષ્યનેજ ઇશ્વરે બુદ્ધિ બક્ષી છે બાળકને પોતાના દૂધથી પોષી ઉછેરવાની કુદરત બક્ષી છે તેમ છતાં જે સ્ત્રી પોતાના બાળકનું પોષણ કરી શકતી નથી એવી ઘણી શુષ્ક હૃદયની હોય છે તે બાળકનું પોષણ ગાયમાતા કરે છે વળી જે સ્ત્રી પોતાના બાળકનું પોષણ પોતાના દૂધથી કરે છે તે પણ બેજ વર્ષ કરેછે ને ગાયતો જીવંત પર્યંત પોષણ કરે છે ને ઉતરોત્તર તેનો વંશ પણ પોષણ કરે છે ત્યારે આથી સિદ્ધ થાય છે કે આર્ય લોકમાં મા કરતાં ગાય વિશેષ છે તે બરોબર દેશોપયોગી પ્રાણી છે.

૫૮ આટલો ઉપકાર ગાય વાળીને બેસી રહેતી નથી પણ પોતાના બચ્ચાંને સંતોષીને ૮—૧૦—કે ૧૫ શેરનું પાત્ર હોય છે તે સુંદર અમૃત જેવા દૂધથી એક દિવસમાં બે વખત ભરી આપે છે. કેટલીક ગાયને તો ગમે તેટલી વખત દોવેછે પણ પગ ઉંચો કરતી નથી. હવે આ દૂધ ફક્ત ખાવાનાં કામમાંજ આવે છે એમ નથી પણ ગમે તો દૂધ ખાઓ, ખુશી પડે તો તેની ખીર કરો, ખુશી પડે તો દુધપાક કરો. ખુશી પડે તો દધની મલાઇ ખાઓ, ખુશી પડે તો દહીં ખાઓ, ખુશી પડે

છાશ ખાઓ ને ખુશી પડે તો તેનું ઘી કરી ખાઓ; કેટલા ગણાવીએ. તે સિવાય ઘી કેટલું ને કેવું દેશ ઉપયોગમાં આવે છે તે સર્વ વાત સારી આલમના અનુભવમાં છે તેથી અત્રે લખી આપ નામદારને કંટાળો આપતા નથી પણ અમારે સ્મરણ આપી વિનંતિ કરવાનું એજ કારણ છે કે—આવી ફળદ્રુપ દેશઉપયોગી ને સમૃદ્ધિરૂપ ગાયનો એક ક્ષણમાં નાશ કરવો એ કેટલું અજ્ઞાન, કેવી બુદ્ધિ ને કેવું આશ્ચર્ય ઉત્પન્ન કરે એવી વાત છે. માટે વિનતિ કરીએ છૈયે કે આ વાત ઉપર ખરેખરૂં ધ્યાન આપવા જેવી હકીકત છે.

૫૯ આવી ફળદ્રુપ ગાયને કોઇ રાક્ષસી જાનવર ભાંગતું ને તે દેખાવ કોઇ રાજા કે રાંકને નજરે પડતો તો તે વખતે ગાય બચાવવા માટે આડા પડી પોતાનો પ્રાણ અર્પણ કરતા એવી અમો અરજદારોને ગાય ઉપરની ભક્તિ છે તેજ ભક્તિવાળા દેશમાં અન્ય ધર્મીઓ આવી અમારી ગૌમાતાનો નાશ કરે એ કેટલું અવળું છે.

૬૦ આગળ અમારા દેશમાં ગાય અજાણતાં કોઇથી મરતી તો તેને માટે કેટલી શિક્ષા અમારા ધર્મશાસ્ત્રમાં છે તે વિષે પણ આપ ધ્યાન આપશો.

અમારા દેશમાં [1]ગૌહત્યા, [2]બ્રહ્મહત્યા, [3]સ્ત્રીહત્યા, ને [4]બાળહત્યા એ ચાર પાપ મોટાં ગણવામાં આવે છે. તેમાં મુખ્ય ને પેહેલું ગૌહત્યાનું પાપ ગણાય છે એજ અમારી ગૌ માતાની મોટાઇની સાબીતી છે. તેવી અમારી ધાર્મીક મુર્તિનો બીજા ધર્મવાળા નાશ કરે એ કેટલું વિપરિતપણું છે.

૬૧ "પારાશર ધર્મશાસ્ત્ર" એ નામનો અમારે કલીયુગમાં ચાલવાનો કાયદો છે. તેમાં ઘણાં પ્રાશ્ચિત બતાવ્યાં છે તે બધાં એક એક અથવા બે બે શ્લોકમાં કહ્યાં છે પણ ગૌહત્યાના પાપનું નીવારણ લખ્યું છે. ત્યારે તે માટે ૭ મો અને આઠમો એમ આખા બે અધ્યાય લખ્યા છે આથી અમારી ગોભક્તિ વિષે આપના મનમાં દ્રઢતા થાશે એવા ગોભક્તિવાળા દેશમાં ગાયોનો નાશ થાય ને વળી અમારા ધાર્મીક રાજાઓની સમક્ષ એ કાંઇ કાળે પોતાનુ વિકાળ સ્વરૂપ થોડું વિકાસ કર્યું ન કહેવાય. આ પોકાર આપ સિવાય બીજે કયાં જઇ કરવો.

૬૨ હવે આવી ફળદ્રુપ ગાયો મારવાને ગોભક્તિવાળા દેશમાં ગોવધશાળાઓ થઇ છે ને તે શાળાઓમાં હમેશાં હજારો મોટે ભાગે ગાંએ છે આવી એક ઠેકાણે નહી પણ અનેક ઠેકાણે ગોવધશાળાઓ

થાય છે તેમાં લાખો જીવતી ને ફળદ્રુપ ગાયોનો નાશ થાય છે આટલે-થી સંતોષ થયો નહીં તેથી હાલ કેટલીક શાળાઓમાં ગાય બેલ મારવાના યાંત્રીક સંચા આણ્યા છે તેથી તેમાં વગર પ્રયાસે હમેશાં કરોડો ગાયોનો પ્રતિ વર્ષે નાશ થાય છે. શેરડીને કોલમાં પીલતાં વાર લાગે છે એટલી આ સંચામાં ગાય બેલ ભાંગતાં વાર લાગતી નથી ત્યારે દરેક શાળામાં બિચારા અબોલ પણ દેશરૂપકારી પ્રાણીને સજીવન દોલતનો કેટલો નાશ થતો હશે તે વિષે કલ્પનામાં આવી શકે એવું નથી. આ પોકાર આપ સિવાય અમારે કયાં જઇ કરવો.

૬૩ અમારા દેશમાં ગાયો પૂર્ણ હતી ને ગાયો મરતી નહીં ત્યારે અમારો દેશ રિદ્ધિસિદ્ધિમાં પૂર્ણ હતો તે એવો કે અમારા દેશની સ્ત્રીઓ સોનાને બેડે પાણી ભરતી હતી. ઘણાખરા સ્ત્રી પુરૂષો હીરાગળ વસ્ત્ર પ-હેરતા હતા અને અમો અરજદાર કોઇ જાતની પરાધીન નોકરીને ચહાતા નહીં. વળી અમારે ત્યાં સારા મેમાન આવતા તેના ઘોડાને બાંધવાને સોના રૂપાની મેખો કાઢી આપી અમે અમારો વૈભવ બતાવતા હતા ને અમારા દે-શમાંના ખેડુતોએ પોતાના ગાડાને સોના રૂપાના જડીત્રથી જડેલા હતા પણ તે ક્યારે કે જ્યારે અમારા દેશમાં ઘરેઘર ગાયોનાં મોટાં ટોળાં હતાં પવીત્ર ગા-યો માટે પુષ્કળ ગૌચર ને પુષ્કળ ઝાડી હતી. જ્યારે ૫ રૂપીએ મણ ઘી મળતું. ૫ રૂપીએ સારી ગાય મળતી ૮ રૂપીએ ખાંડી અનાજ મળતું ને ૧૦ રૂપીએ સારોબેલ મળતો ત્યારે અમો સર્વ વાતે ભાગ્યશાળી હતા પણ હવે બહુ દીલગીરી સાથે અફશોસ બતાવીએ છીએ કે અમારા ગૌમાતાના અકાળ મૃત્યુના પાપના પ્રભાવથી રિદ્ધિસિદ્ધિ નાશ થઇ ગઇ. અમો અરજદાર પ્રતિ-દિન ક્ષીણતામાં આવી ગયા ને છેવટ હતભાગ્યવાળા થયા. પરાધીન નોકરીને નહોતા ચહાતા તે લોકો દીનતાથી ઓસીઆળે મોઢે ગગરૂર ને બે અકલ-વાળા માણસના મોઢાના હુંકારા ને અપમાન કુળવાન માણસોએ પણ ખ-મવા માંડયા. આ થોડી દેશની પડતી ન કહેવાય? અફશોસ છે વખતને. હવે જે દેશનો ગાયો ઉપર આધાર છે, જે દેશમાં ગાયો તીર્થરૂપ મનાય છે, જે દેશમાં ગાયોનોજ ધર્મ ચાલે છે ને જે દેશ ગાયોને આધારે ટટાર છે તેજ દેશમાં ગાયો યાંત્રીક પ્રયોગથી દરરોજ લાખો મોઢે નાશ થવા માં-ડી તે દેશ કયાં સુધી ટટાર રહેવાનો તે વિષે વિચાર કરી ધ્યાનમાં લેવા આપનેજ વિનવીએ છીયે.

હવે ઉપરની સર્વ હકીકતથી ગોવધથી દેશ નુકશાન કેટલું છે ?

બતાવવા થોડુક પ્રયત્ન કર્યું હવે ગોવધથી કાયદાને કેટલી હરકત છે તે અમો અરજદાર આપને યત્કિંચિત બતાવવા પ્રયત્ન કરીયે છેયે.

હવે કાયદા બાબત.

૬૪ આ દુનિયામાં કાયદા ત્રણ પ્રકારના ચાલે છે તે એવા કે પહેલો ઇશ્વરી કાયદો, બીજો કુદરતી કાયદો ને ત્રીજો મનુષ્યકૃત કાયદો.

પહેલા ઇશ્વરી કાયદા બાબત.

૧ પહેલો ઇશ્વરી કાયદો તે ધર્મ. માણસ અપુર્ણ છે ને ઇશ્વર પુર્ણ છે માટે બીજા કાયદા કરતાં ઇશ્વરી કાયદો (ધર્મ) પ્રબળ ગણાય છે. આજ કારણથી દરેક દેશની દરેક ધર્મમંડળીમાં ધર્મનું પ્રાબલ્ય વિશેષ જોવામાં આવેછે, કુળ રીવાજ, નાત રીવાજ ને દેશ રીવાજ એ બધામાં ધર્મને અનુસરીને ચાલવામાં આવે છે કારણ કે ઇશ્વરનુ પહેલામાં પહેલુ ફરમાન છે. ને કાયદામાં ધર્મ છે પણ તે નીતિને અનુસરીને છે ને તે આ લોકના ઇશ્વરનું બીજા નંબરનુ ફરમાન છે કારણકે પહેલા ફરમાનમાં (ધર્મથી) જીવને હમેશાં સુખ ને બીજા ફરમાનમાં નીતિને અનુસરવાથી આ દેહને આ લોકમાંજ સુખમળે છે. આ વિગેરે અનેક કારણોથી ધર્મનુ પ્રાબલ્ય વિશેષ મનાય છે. માટે ધર્મનું ફરમાન કાયદો ઉલંઘી શકતો નથી.

૬૫ હવે આટલું બધું ધર્મનું પ્રાબલ્ય છે તેમ છતાં જે દેશમાં જે ધર્મ મંડળીએ પોતાનો ધર્મ જે પદાર્થ ઉપર માન્યો છે તેજ દેશમાં ને તે ધર્મમંડળીમાં મનાએલી ધર્મમુર્તિનો બીજા ધર્મવાળા આવી નાશ કરે ત્યારે પહેલી ધર્મમંડળીના અંતઃકરણ કેટલાં ભેદાવાં જોઇએ તે નીધામાં લઇ આ વિષે શું આપ સરકારે બંદોબસ્ત કરવો નથી જોઇતો ? આથી સિદ્ધ થાય છે કે, ગોવધ અટકાવવાને કાયદાએ હમેશાં જાગ્રત રહેવું જોઇએ.

૬૬ વળી એમ ધારો કે કોઇ કાયદામાં એમ ઠરાવ્યું હોય કે ખુન કરવું અને જીવહીંસા કરવી; એ કોઇ સરકારે ગુન્હો ગણ્યો નથી પણ સરકાર જે દેશનું રાજ્ય કરે છે તે દેશના લોકે પોતાના ધર્મમાં ખુન તથા

જીવહીંસાને મોટું અકૃત્ય ગણ્યું છે તો કાયદે (સરકારે) પણ તેને અકૃત્ય ને ગુન્હો ગણવોજ જોઇએ, જુવો "કાયદાની કહેવત અંગ્રેજી મુમસાહેબની બનાવેલી આવૃતી ૫ મી." આથી સિદ્ધ થાય છે કે ગોવધ અટકાવવાને કાયદાએ હમેશાં જાગ્રત રહેવું જોઇએ.

૬૭ ઇન્ડીયન પીનલકોડમાં કોઇ પણ મનુષ્યે કોઇ મંડળીના ધર્મમાં હાથ નાખવો નહીં ને હાથ નાખે તો ગુન્હેગાર ગણવામાં આવેલ છે. આ બરોબર કાયદો ઘડવામાં આવ્યો છે. આ કાયદો ન ઠરાવ્યો હોતતો પ્રબળ ધર્મવાળા બીજા ગરીબ માણસોના ધર્મનો ધ્વંસ કરત તેમ છતાં એ કાયદા પ્રમાણે સરકાર ધ્યાન આપે નહીં. ને અમારા ધર્મનો ધ્વંસ થાય છે તો કાયદાની ફરજ છે કે ગોવધ અટકાવવાને માટે કાયદાએ હમેશાં જાગ્રત રહેવું જોઇએ.

૬૮ આ દુનિયામાં દરેક મનુષ્યને મા, બાપ, સ્ત્રી, પુત્ર, ભાઇ, સગાં, ને મિત્ર તેમજ પૈસો એ સર્વ સાથે પરસ્પર જન્મથી આખર સુધી સંબંધ જોડાએલો છે ને તે સંબંધ છુટે એવો નથી તેમાં કાંઇ હરકત આવે છે તો મોટી દીલગીરી પેદા થાય છે કારણકે તે બધા પદાર્થોમાં મનુષ્યને મોટી અભિલાષા હોય છે ને તે વિના મનુષ્યને ચાલતું નથી. પણ વિચારી જોતાં ખરેખર ચાલ્યું પણ જાય છે—હવે ઉપર લખ્યા સગા સ્નેહીમાંથી એક મનુષ્યનો નાશ થાય છે. તો શું પછવાડે રહેલા પ્રિય સગાં તેની પુંઠે મરે છે ? અથવા લક્ષ્મી પછવાડે આખું જગત ગાંડુ બનેલું છે પણ લક્ષ્મી નથી મળતી તો શું, લક્ષ્મી વિના નથી ચલાવતા ? ના ચલાવે છે ત્યારે મનુષ્યને આ લોકમાં ને પરલોકમાં સાથે જાય એવું શું છે ! તો માત્ર એક ધર્મ.

વળી પરલોકમાં સગાથી સુખ મળવાની આશા બંધાય છે? અથવા લક્ષ્મી શું પરલોકમાં સુખ આપશે ? ના. ત્યારે આ લોકમાં ને પરલોકમાં સુખ આપે એવું શું સાધન છે? તો માત્ર એક ધર્મ.

આ લોકમાં સુખ ને પરલોકમાં પણ સાથે જઇ શાંતી ને સુખ આપે એવો તો માત્ર એક ધર્મ છે. ત્યારેજ પહેલો કાયદો ધર્મનો મનાયલો છે. ત્યારેજ ધર્મનું ફરમાન કાયદો ઉલંઘી શકતો નથી ને ત્યારેજ આ દેશ નહી પણ બધા મુલકોમાં ને બધા મનુષ્યોના કાયદામાં ધર્મ પહેલી પદવી ધરાવે છે. ત્યારે સરકારની ફરજ છે કે, ગોવધ અટકાવવાને કાયદાએ હમેશાં જાગૃત રહેવું જોઇએ.

૬૯ સુમેહ શાંતી, આબાદી, સુખ ને ધર્મ લાગણી દુખાતો પ્રજાનો પોકાર હોય તે બાબત ઉપર સર્વે પહેલાં શાંત પાડવાને સરકારની ફરજ છે તો આ અરજપત્રથી સિદ્ધ થાય છે કે ગોવધ અટકાવવાને કાયદાએ હમેશાં જાગૃત રહેવું જોઇએ.

આ પ્રથમ ઇશ્વરી કાયદો જોતાં ગોવધ એકદમ અટકાવવાને સરકાર તરત ધ્યાન આપશે એવો અમને ભરૂસો છે.

કુદરતી કાયદા બાબત.

૭૦ હવે કુદરતિ કાયદો તે કે જેમાં કોઇથી ફારફેર થતો નથી. જેમકે ભુખ લાગે છે તેમાં ફેરફાર થતો નથી. મનુષ્ય તથા ગોપશુઓની ઉત્પત્તિમાં ફેરફાર થતો નથી વિગેરે કુદરતિ નીયમો છે.

૭૧ જે વસ્તુ ઇશ્વરની બનાવેલી છે ને તે પાછી મનુષ્યથી બનતી નથી મતલબ કે કુદરતના નીયમથીજ જે ઉત્પન્ન થએલ છે તે વસ્તુ ભાંગવાને કોઇ પણ મનુષ્ય હકદાર નથી.

૭૨ એક યેળ જેવો નાનો જંતુ કુદરતથી બનેલો છે તે મનુષ્યથી પાછો બનતો નથી તો તે મારવાને મનુષ્ય હકદાર નથી તો ગાય, બેલ જેવા દેશ ઉપકારી પ્રાણી મનુષ્યથી મરેજ કેમ.

૭૩ જે ચોમાસામાં, ઉનાળામાં ને શિયાળામાં કોઇ પણ વસ્તુ વાવવી ને તે બીજી રૂતુમાં પાકે ત્યારે અથવા સ્વેચ્છાથી ઉત્પન્ન થયેલ પણ જેનો ઉપયોગ કરવાને ધર્મશાસ્ત્રોમાં છુટ આપેલી છે તેનો ઉપયોગ કરવાને મનુષ્ય હકદાર છે. પણ જે વસ્તુ મનુષ્ય બનાવી શકતો નથી, જે વસ્તુ કુદરતથી બનેલી છે ને જે વસ્તુ મનુષ્યે બનાવેલી છે પણ જેની અંદર ધર્મની અવજ્ઞા ને લોકહીતની સંજ્ઞા છે તે વસ્તુ મનુષ્યથી ભંગ કેમ થાય ને ભંગ થાય ત્યારે ઇશ્વરી કાયદામાં, કુદરતિ કાયદામાં ને મનુષ્યકૃત કાયદો ભંગ કરવાના અપરાધમાં કેમ આવ્યા નહી કહેવાઇએ?

૭૪ કદિ કોઇ એમ કહે કે અમે વેચાતી લૈએ તોતે વસ્તુ પછી અમારીજ છે પછી તેનો ગમે તે ઉપયોગ કરીએ તેમાં તમોને શું હરકત. હવે કોઇ ગ્રહસ્થ મનુષ્ય વેચાતું લીયે પણ તેને જાનથી મારી નાખવાને તે હકદાર નથી કારણકે તે મનુષ્ય ઇશ્વરનું બનાવેલું છે મતલબ-

બ કે કુદરતના નીયમ પ્રમાણે બનેલું છે. બીજા પ્રાણી કરતાં મનુષ્યમાં ઇશ્વરે વિશેષ બુદ્ધિ બક્ષી છે માટે મનુષ્યવધનો ગુન્હો સરકારે મોટો ગણ્યો છે.

૭૫ તેમ ગાય ઇશ્વરના કુદરતિ નિયમ પ્રમાણે બનેલી છે. મનુષ્યમાં જેમ બુદ્ધિ બક્ષી છે તેને ઠેકાણે ગાયમાં દેશ પોષણના ગુણ ઘણા મુકયા છે તો ગાયનો ગુન્હો સરકારે વિશેષ માનવો જોઇએ માટે ગાયમાં જે અનેક કુદરતિ ગુણ ઇશ્વરે બક્ષ્યાછે તેમાંજ સંતોષ માનવાનો છે પણ તે દેશ ઉપયોગી પદાર્થનો એક ક્ષણમાં નાશ કરવો તથા દુનિયાના હમેશના સુખ દેતા પદાર્થમાં ખલેલ પહોંચાડી દેશનું નુકશાન કરવાને કોઇ મનુષ્ય હકદાર નથી માટે આ કુદરતિ કાયદો જોતાં પણ ગોવધ અટકાવવાને કાયદાએ હમેશાં જાગ્રત રહેવું જોઇએ.

૭૬ આવું સાર્વજનીક દેશનુકશાન કોઇ કરતું હોયતો તે અટકાવવાને દેશના તમામ મનુષ્ય હકદાર છે આવો એક વખત અમારા દેશનો કાયદો હતો અને તેથી ગોવધ અટકાવવાને દેશના તમામ મનુષ્ય આગળ પડતો ભાગ લેતા હતા ત્યારે ગાયોની ઉત્તમ સ્થિતિ હતી તેને અંગે અમારી પણ સારી સ્થિતિ હતી હવે કાયદો ફરી [1]ગયો છે એમ નથી પણ મનુષ્ય કોઇ આગળ પડતો ભાગ લેતા નથી એટલે ગાયોની ને ધર્મની પડતી થઇ છે અને તેથી અમો અરજદારોની પણ દુર્દશા થઇ છે.

હવે આ દુર્દશાનો નાશ કરવો એ સરકારની પહેલી ફરજ છે માટે અમો અરજદાર અરજ કરીએ છીએ, કે ગોવધ અટકાવવાને કાયદાએ હમેશાં જાગ્રત રહેવું જોઇએ.

---

૧ હાલના કાયદામાં સાફ કેટલીક કલમો એવી છે કે "દેશના કોઇ ભાગને કે, પ્રજાને કોઇ નુક્શાન થતું હોય અથવા થવાનો સંભવ હોયતો તે તરત અટકાવવું અને જાહેર કરવું આમ ન કરે તે ગુન્હેગાર ગણવામાં આવેલ છે" આમ સ્પષ્ટ કાયદો છે પણ આગળ પડતો ભાગ લેવો લોકોએ મુકી દીધો એટલો દેશમાંથી ધર્મનો ને દેશાભિમાનનો જુસ્સો નરમ પડયો.

હવે મનુષ્યકૃત કાયદા બાબત.

૭૭ મનુષ્ય કૃત કાયદો તે કે સ્થાનીક સરકારના બાંધેલા ધારાને પ્રતિબંધ તે.

૭૮ મનુષ્ય કૃત કાયદાનો અમલ કરનાર અધિકારીનો ધર્મ છે કે, ઇશ્વરી કાયદાને તથા કુદરતી કાયદાને બાધ ન આવે તેમ મનુષ્ય કૃત કાયદો વાપરવો જોઇએ.

૭૯ મનુષ્ય કૃત કાયદો છે તેમાં પણ ધર્મ ને વ્યવહાર હોવો જોઇએ જે કાયદામાં ધર્મ ને વ્યવહાર નથી તેને વિદ્વાન લોકો કાયદો કહેતા નથી.

૮૦ હવે આપ સરકારના કાયદા છે તે ધર્મથી, નીતિથી ને લોક વ્યવહારથી ભરપુર કાયદા છે તે નીતિસામું, ધર્મસામું, ને લોક વ્યવહાર સામું આપ સરકાર ધ્યાન નહી આપોતો અમો અરજદાર નીતિથી વ્યવહારથી ને ધર્મથી કેવળ ભૃષ્ટ થાશું.

૮૧ કેવળ મુખ્ય અમારા ધર્મ માટે, નીતિ માટે, લોક વ્યવહાર માટે, ને દેશના આબાદી માટે અમો અરજદાર ગાયોને પુજીએ છીએ આવી અમો દેશહીતક નીતિથી અમારા ધર્મને માર્ગે વર્તનાર શીળ સ્વભાવની પ્રજાનો ધર્મ સાચવવો એ પહેલામાં પહેલી આપની મુખ્ય ફરજ છે માટે અરજ કરીએ છીએ કે ગોવધ અટકાવવાને કાયદાએ હમેશાં જાગ્રત રહેવું જોઇએ.

૮૨ સર્વ ગુન્હા કરતાં સરકારે મનુષ્યવધનો ગુન્હો વધારે માન્યો છે પણ મનુષ્યવધ કરતાં ગોવધનો ગુન્હો સરકારે વધારે માનવો જોઇએ કારણ કે મનુષ્યને બુદ્ધિના સબબથી આ મારૂં આ પરાયું ઇત્યાદિ ભિન્નતા છે પણ ગાયને આ મારૂં અને આ પરાયું એવી ભિન્નતા નથી.

૮૩ માણસને બુદ્ધિના સબબથી પોતાના સ્વાર્થ ઉપર નજર છે પણ ગાયની નિરંતર પરોપકાર બુદ્ધિ છે.

૮૪ મનુષ્યને સંગ્રહ કરવા ઉપર નજર છે પણ ગાયને સંગ્રહ કરવા ઉપર નજર નથી ને ગાયો તમામ જાત પરોપકારી છે માટે ગાયો વધારે તેમ દેશકલ્યાણ વધારે.

૮૫ જેમ આગળ મનુષ્ય થોડા હતા ને ગાયો વધારે હતી તો દેશ ઉત્તમ સ્થિતિમાં હતો હવે દેશકાળ પ્રમાણે ગાયોનો ઘટારો થયો ને મનુષ્ય વધારે થયા બુદ્ધિ વિશેષ વધી છે એમ ઘણા લોકોનું માનવું છે તેમ છતાં દેશ સારી સ્થીતિમાં નથી ને પ્રતિદિન નિરૂધન થતો જાય છે વળી આગળના જેટલી નીવૃતિ ને સુખ નથી તેથી સિદ્ધ થાય છે કે ગાયોને અભાવે દેશની સમૃદ્ધિ ધીરે ધીરે ક્ષય થવા લાગી છે. દેશમાં સમૃદ્ધિના કે તેજીના કે ઉમંગના ચિન્હ કયાંઇ જોવામાં આવતાં નથી એ ગોવધનું પરિણામ છે પણ કોઇને તે વાત દેશમાં સુજતી નથી માટે અમારા દેશની આબાદી માટે અમો અરજદાર સરકારને વિનવીએ છીએ કે, જેમ મનુષ્યવધનો ગુન્હો ભયંકર માન્યો છે તેમ ગોવધનો ગુન્હો વધારે માનવાને આ અમારી ખાસ નમ્ર વિનંતિ છે.

૮૬ જે દેશને જે પદાર્થ ઉપર આધાર છે તેજ પદાર્થનો ભંગ થાય ત્યારે દેશને બરબાદ કરનારૂં, બાકે તે ચક્રવર્તિ રાજાએ તરત અટકાવવું જોઇએ આથી સિધ્ધ થાય છે કે, ગોવધ અટકાવવાને કાયદાને હમેશાં જાગૃત રહેવું જોઇએ.

૮૭ કાયદાઓ હમેશાં પ્રજાની સ્થિતિ સુધારનાર જોઇએ પણ સ્થિતિ પાછળ પાડનાર ન હોવા જોઇએ. આથી પણ સિદ્ધ થાય છે કે ગોવધ અટકાવવાને કાયદાએ હમેશાં જાગૃત રહેવું જોઇએ.

૮૮ આસરે ૩—૪ વર્ષ પહેલાં નામદાર મુંબાઇ સરકારે એક સરક્યુલર કાઢયો હતો કે "જુનાગઢની ગીરમાં સાહેબ લોકે કે બીજા કોઇએ સાવજનો શિકાર કરવો નહી કારણકે ધિરે ધિરે તેની ઓલાદ સમુળી નાશ પામેછે" હવે આવી રીતે સરકારની રહેમદીલી ઘાતકી પ્રાણી ઉપર થાય છે પણ આવી સુબુદ્ધિ ગાય દેશ ઉપકારી પ્રાણીપર થતી નથી એવીજ કોઇ ઝેરી જાતનો પાલન થાય છે. પણ આવી ઘાતકી પ્રાણી ઉપર દયા વરસાવો છો તો ગાય બેલ જે દેશ ઉપકારી ને દેશની સજીવન દોલતના બચાવમાં ઉતરી ગોવધ અટકાવવો એ આપ સરકારને અદ્ભુત વાત નથી.

૮૯ આ ગોવધનું કૃત્ય તો આપ સરકારે આપેજ વિચારી બંધ કરાવવું જોઇએ તે ઠેકાણે અમો અરજદારોએ આ પ્રેરણા કરી છે. તેથી અમો મોટી ઉમેદ રાખીએ છીએ કે અવશ્ય ગોવધ થતો અટકાવશો વળી અમો પ્રજા જીવહીંસક નથી તેથી સાવજ દીપડા કે નાર

હીંસક પ્રાણીનો પણ વધ જોઇ શકતા નથી એવા અમે કોમળ હૃદયના છીએ તે ઠેકાણે અમારી ગાય દેશમાં ધર્મમુર્તિ છે બીજે પક્ષે દેશને આબાદ કરનારૂં મુખ્ય સાધન છે, ત્રીજે પક્ષે અમારા વિદ્વાનો અમારા દેશની સજીવન દોલત ગણે છે, ચોથે પક્ષે જેની હાનીયે કાયદાને પણ હાની પહોંચે છે. હવે આ જોતાં ગોવધથી અરજદારોના અંતઃકરણ કેટલાં બેહાતાં હશે એ માટે દયા આણવા અરજદારો આપનેજ વિનવે છે.

૫૦ ગોવધ બંધ થતાં જેમ કોઇના ધર્મને હાની નથી, તેમ આપ સરકારને હકને, આપ સરકારના રાજ્યને, આપ સરકારની પેદાશને કોઈ જાતની હાની કે હરકત નથી. પણ ઉલટું દેશને બરબાદ કરનારું બારૂં અટકશે અમો આપની પ્રજાનો ધર્મ સચવાશે તેથી સર્વત્ર સ્થળે વિકટોરીયા કૈસરેહિંદ મહારાણીનો જયઘોષ વ્યાપી રહેશે. આપની અમો પ્રજાને વધારે વિશ્વાસ બેસશે અને આખા આર્યાવૃત્તની સર્વ પ્રજાને આનંદ આનંદ વ્યાપી રહેશે. જે રાજાએ પ્રજાને આનંદે આનંદ માન્યો છે એજ રાજાઓનું મહાત્મ્ય, એજ રાજાઓનું કર્તવ્ય ને એજ રાજ્યકર્તાનું સાર્થક છે.

૫૧ અમારા મુખ્ય મનાએલા શ્રીમદ્ ભાગવતમાં લખ્યું છે કે અઠાવીસમા કળીયુગમાં સતજુગ વરતશે ને તે અઠાવીસમો કળીયુગ હાલનો જમાનો છે. કળીયુગમાં મારામારી, અન્યાય, ચોરી અવેરી, એક બીજાના ધર્મનો દ્વેષ, ધર્મની નીંદા, પાખંડ, જુઠ, વિગેરે અક્કનો કળીયુગનાં ચિન્હ છે, પણ તે સર્વે કળીયુગનાં ચિન્હ બંધ કરી આપ સરકારે સતયુગ વરતાવ્યો છે કેમકે જ્યાં શાંતી સલાહ, વિદ્યા, હુનર, સત્ય, દારઠાર સુધારો, સાધુ, બ્રાહ્મણો ને ગરીબો વગર હરકતે વર્તે છે. દરેક ધર્મનું માન્ય ને દરેક મનુષ્યને નંવૃત્તિ વિગેરે સુલક્ષણોથી આપના પ્રતાપે સતયુગ પ્રાપ્ત થયો છે તે ખરેખર આપે કળીયુગમાં સતયુગ વરતાવી દેવતાઇ મહત્ કાર્ય કર્યું છે તેમ છતાં આપના વરતાવેલા સતયુગમાં ફકત ગાય મરે છે એટલી આપની પ્રજાને સતયુગમાં ખામી જણાય છે. સતયુગમાં કોઇના ધર્મને હાની નહીં પહોંચવી જોઇએ એ સતયુગનું લક્ષણ છે. તે માટે હાલ સતયુગમાં ગોવધ થાય છે તે ખામી મટાડી આપના વરતાવેલા સતયુગને નિષ્કલંક કરવાને અમો આપના આર્યાવૃતની પ્રજા આપ નામદારને નમ્રતાપુર્વક વિનવીએ છીએ.

૫૨ અમો અરજદાર ઘણી નમ્રતાથી, અદબથી ને માનભરી છેવટ ગુજારીએ છીએ કે અમારી ગાયમાતાના અકાળ મૃત્યુ બંધ કર-

વાને અમો અરજદારની માગણી અંગીકાર કરશો. અને તે માટે ખાસ કાયદાગાં નવી કલમો ઘડી દાખલ કરશો કે, હવે પછી કદિ એ બાબત આપના રાજ્યમાં તકરાર ઉઠેજ નહી અને તે કાયદો ઘડાય તેટલા સુધીમાં નવા ઠરાવથી ઢંઢેરારૂપે ગોવધ બંધ કરવાના પ્રોગ્રામ એકદમ ચારે બાજુ પ્રસિદ્ધ કરી દરેક દેશમાં દરેક અમલદારને રવાના કરશો અને તે તરત કરવાનું છે કારણકે તેમાં આપના અરજદારોને ધર્મહાની, દેશ નુકશાન ને કાયદાનો ભંગ એ ત્રણે બાબતોથી નુકશાન છે એટલે જે દેશ પુર્વે સુવર્ણમય કહેવાતો તેજ દેશ ગોવધથી પાયમાલ થઇ મોટી દુર્દશા ભોગવે છે ને દેશમાં છાશ પણ વેચાવા લાગી છે તે છાશ વેચનારા બીજાને વેચવા બોધ આપેછે આ શું નાની શુની દેશની દુર્દશા કહેવાય એ પણ ગોવધનું સિદ્ધ થએલું પરિણામ છે માટે ગોવધ તરત અટકાવવાને અમો અરજદાર ઘણીજ નમ્રતાપુર્વક વીનવીએ છીયે.

૫૩ પુર્વે મુસલમાની જુલ્મી પાદશાહી હતી કે જ્યાં પ્રજાને ન્યાય મળવાની આશાજ નહી. પોતાની કમાણીનો પોતે શાંતિથી ઉપયોગ ભોગવે નહી ને આખી ઉમરગાં એક દિવસ નિવૃત્તિમાં જાય એવો સ્વપ્નામાં પણ ભાસ નહી ત્યાં બીજા ન્યાયની શી આશા રાખવી તથાપિ તેવા રાજ્યમાં પણ આર્ય લોકથી એમ બતાવવામા આવ્યું કે આ દેશમાં ગાય બેલ છે તે દેશની દોલત છે ને દેશને આબાદ કરનારાં સાધન છે તેથી તે વખતે પણ ગાય બેલ મારવાને તરત મના થઇ હતી. ત્યારે આપ જે સાક્ષાત્ ન્યાયમુર્તિ છો તેના રાજ્યગાં ગોવધ અટકાવશો કે નહી એવી શંકા રાખવાનું અમો અરજદારોને કાંઇ કારણ નથી કારણ કે આપનું રાજ ન્યાયના પ્રબંધવાળું છે કોઇ પણ ધર્મ મંડળીના જન સમુહની લાગણી દુખાતાં આપની લાગણી તરત દુખાય છે એવું આપ નામદારનું કોમળ હ્રદય છે ત્યાં પ્રજા ઉપરની પ્રીતિની નીશાની છે, ને હમેશાં જાતિભેદ ગણ્યા વિના પ્રજાને ન્યાય આપવાને આપનો કાયદો જામેત છે તે ઠેકાણે અમો આપની વફાદાર પ્રજા જે પોતાના ધર્મમાં હણાયલી છે બધે ઠેકાણે નહી પણ ધર્મમાં અમને અન્યાય મળે છે એવી ઉદાસીન પ્રજાએ આપ ન્યાયમુર્તિ પાસે પોતાના ધર્મ બચાવની આજીજી સાથ માગણી કરી છે તેમાં અમો નીરાશ થાશું એવી શંકા આપના અરજદારોને છેજ નહીં.

૫૪ વળી આપ સાહેબ કરણા આણી દીર્ઘદ્રષ્ટીથી ધ્યાન

કે બીજા દ્વીપાંતરમાં જાય કે પ્રજા પોતાની હદને ઓળંગવા ઉમેદ રાખે છે, જે પ્રજા દરેક સ્થાનીક સરકારને છોડી દે આપ આપમુર્તિ પ્રત્યાગ મળવાને ઈચ્છી રહી છે. ને જે પ્રજા ધર્મ કર્મને ભલા ભરવાથી દીનતપણું ભોગવાતાં પાયમાલ થઈ છે તેજ પ્રજાએ આજથી ભલી ધીરજ એથી આપ આપમુર્તિ પાસે પોતાનો ધર્મ જતાં દેશ પાયમાલ થએ ત્યારે ખાસ આ અરજી મોકલી ઉમેદની અરજ ગુજારી છે, તેમાં બુધ્ધ પ્રજા એની ઉમેદ રાખે છે કે આ અમારી ખરી હકીકત આપના ઉમદા હૃદયમાં ઉતારશે કે તરત અમો આપની પ્રજાને રહેમદીલીથી ને કરૂણામય થનેથી જે પ્રજા ધર્મમાં હણાયલી છે. ને જેનાં ચિત્ત, વિહ્વળ થઈ ગયાં છે. એવી પ્રજાને ધીરજ આપશો અને શરણ આવેલી પ્રજાનાં આંસુ લોહી અભય વચન આપી સર્વોપરી રાજાનો ધર્મ બજાવશો.

૭૫ વળી અમો અરજદાર આ અરજીથી મોટી ઉમેદ રાખીએ છીએ કે, આપની રાજભક્તિ વાળી આર્ય પ્રજાએ આ દરેક પ્રયાણ શુભફળ આપનારૂં થઈ પડશે તેથી અમો આપની પ્રજા સર્વ સુખમાં ને સર્વ સંપત્તિમાં ને સર્વ વાતે ભાગ્યશાળી બનાવું ને અમો પ્રભુ ઈશ્વર પાસે હમેશાં એવો આશીરવાદ આપીએ છીએ કે, "આપનું [illegible] હમેશાં આબાદ રહો" તે રૂપની અમારા મુખમાંથી સ્વાભાવિક નીકળી અમારા આશીરવાદમાં હમેશ થાઓ.

તથાસ્તુ